શ્રી પરમાત્મને નમઃ । અર્હં નમઃ । શ્રી ગુરવે નમઃ ।

અકલંક ગ્રંથમાળા–પુષ્પ ૧૦૯

# ચંદરાજાનું ચરિત્ર

: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

પાંચ પોળ જૈન સંઘ, કલ્યાણનગર જૈન ઉપાશ્રય,

શાહપુર દરવાજા બહાર, અમદાવાદ–૩૮૦૦૦૪.

# છપાયેલ પુસ્તકોની યાદી

૧ કલ્યાણક સ્તવન ટોડર
૨ ૨૭ ઋષભદેવ ચરિત્ર
૩ ૨૮ શાન્તિનાથ ચરિત્ર
૪ ૨૯ નેમિનાથ ચરિત્ર
૫ ૩૦ પાર્શ્વનાથ ચરિત્ર
૬ ૩૧ મહાવીર ચરિત્ર
૭ ૩૨ ૭૦ જૈન રામાયણ
૮ ૪૮ ૭૮ ચેઈયથયથુઈ-
સજ્ઝાયમાળા ભા. ૧,૨,૩
૯ શુકરાજાની કથા
૧૦ સમકિતના સડસઠ બોલની
સજ્ઝાય અર્થ સાથે.
૧૧ અકલંકવિજયનું જીવન
ચરિત્ર
૭૬ અકલંક આત્મકથા
૧૨ કુમારપાળ ચરિત્ર
૧૩ ભક્તામર અર્થ કથા સહિત
૧૪ ૧૮ ૫૦ ૭ કર્મગ્રંથસાર
૧૫ નળ દમયંતી ચરિત્ર
૧૬ પ્રકરણ ભાષ્યસાર
૧૭ જૈન કથાઓ ભા. ૧ થી૨૪
૧૯ ૨૫ ૩૭ ૪૧ થી
૪૭ ૫૨ ૬૪ ૬૫ ૬૬ ૭૯
૮૦ ૮૮ ૮૯ ૯૦ ૯૯
૧૦૪ ૧૦૭ ૧૦૮
૨૦ ૪૯ સજ્ઝાયમાળા
૨૧ ભોગોપભોગ વિરમણવ્રત
૨૨ કુવલય માળા કથા
૨૩ સામાયીક પ્રતિક્રમણ ને
અષ્ટકર્મ ઉપરની કથાઓ
૨૪ તિલકમંજરી
૨૬ વૈરાગ્યનું અમૃત સમરાદિત્ય
ચરિત્ર
૩૩ ભક્તિમુક્તિ પર્યૂષણમાળા
૩૪ ૫૪ ભૂર્ભુવઃ સ્વ૦ ભા.૧ ૨
૩૫ શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬ વીશસ્થાનકની કથાઓ
૩૮ મયણા શ્રીપાળ
૩૯ નેમિ વિવાહલો
૪૦ મહાબળ મલયાસુંદરી
૫૧ જૈન દર્શનને શ્રાવકદિન
કૃત્ય
૫૩ ચેઈયથયથુઈ સંગ્રહ
૫૫ જૈનકથાઓ અને સુબોધ
કથાઓ
૫૬ સુબોધ કથાઓ અને જૈન
દર્શન
૭૫ બૃહદસંગ્રહણી સાર્થ
૫૮ ૬૯ ૮૩ જૈન ધર્મ પ્રવેશક
ભા. ૧ ૨ ૩

[ અનુસંધાન ૩ ઉપર જુઓ ]

श्री परमात्मने नमः । અર્હં નમઃ । श्री गुरवे नमः ।

અકલંક ગ્રંથમાળા—પુષ્પ ૧૦૯

# ચંદ્રરાજાનું ચરિત્ર

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

પાંચ પોળ જૈન સંઘ, કલ્યાણનગર જૈન ઉપાશ્રય,

શાહપુર દરવાજા બહાર, અમદાવાદ—૩૮૦૦૦૪.

# : પ્રસ્તાવના :

કથાઓ-વાર્તાઓ, શાસ્ત્રો અને ચરિત્રો આદિથી જે બાળ જીવો છે તેને સમ્યક્ પ્રકારે ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાન આપી શકાય છે.

પૂર્વાચાર્યોનો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે કારણ કે તેમને જે ઉપકાર કરેલ છે તેનું શબ્દોમાં તો વર્ણન થઇ શકે તેમ નથી. તેમને વિદ્વાનોને યોગ્ય જેમ વિશાળ અને ગહન ગ્રંથોની રચના કરેલ છે તેમ બાળ જીવો માટે પણ સરળ અને સુંદર કથા સાહિત્ય વિપુલ પ્રમાણુમાં રચેલ છે.

ધર્મને તત્ત્વની ભાષામાં જેમ સમજાવી શકાય તે વાત આ કથા સાહિત્યથી સમજાવી શકાય છે.


કથા સાહિત્ય જો કે દરેક ધર્મોમાં માન્ય હોય છે પણ જે રીતે જૈન ધર્મમાં કથાઓનું સ્થાન છે તે રીતે અન્ય ધર્મોમાં નથી તેથી જ તેને કથા સાહિત્યમાં કયાંક કયાંક વિકૃતિ પણ આવી જવા પામેલ છે.

જૈનાચાર્યોએ કથા સાહિત્યમાં કે બીજા પણ કોઈ આગમિક સાહિત્યમાં કયાંય પણ વિકૃતિ ન આવે તેની ખૂબ જ સાવચેતી રાખી છે. તે કારણે કથા સાહિત્યનો વિસ્તાર પણ સ્વયં જાતે જ કરતા. જેથી તેમાં વિકૃતિ પ્રવેશી ન જાય. બીજું તેઓ કથા સાહિત્યમાં પણ અનેક પ્રકારના ધાર્મિકરસોને પણ પીરસતા હતા. તે એ કે જૈનાચાર્ય રચિત કથા સાહિત્યની આગવી વિશેષતા છે.

આ ચંદરાજાનું ચરિત્ર પણ એક પૂર્વાચાર્યની ઉત્તમોત્તમ કૃતિ છે. સંસારની અસારતા અને સ્વાર્થની પરાષ્ટા કરવામાં આવેલ છે.

આ કૃતિના વાંચન, મનન દ્વારા આત્મા પરોપકારી બને અને અસારત સંસારથી વિરક્ત બની પરમપદને શીઘ્રાતી શીઘ્ર પામે એજ એક શુભ ભાવના.

લે:-" લઘુશ્રમણ " સંયમ સાગર



# પૂજ્યશ્રીનો પરિચય

મુનિ અકલંકવિજય

જન્મ સ્થળ :

લીંચ, જી. મહેસાણા

સંવત :

૧૯૯૦ ફાગણ સુદ-૫

: સંસારી નામ :

અમૃતલાલ શિવલાલ શાહ

ધાર્મિક શિક્ષક તરીકેનો વ્યવસાય કરીને જ્ઞાન અને તપની પ્રવૃત્તિ દ્વારા સંયમ ભાવનામાં અભિવૃદ્ધિ થતાં પૂ. આચાર્યશ્રી વિજયભૂવનભાનુસૂરિજી પાસે સંવત ૨૦૩૫ના વૈશાખ સુદ-૩ ના રોજ મલાડ મુકામે દીક્ષા અંગીકાર કરી મુનિ અકલંકવિજય નામાભિધાન પ્રાપ્ત કર્યું.

માનવ અવતારે સિદ્ધક્ષેત્ર જેવા દિવ્ય ધામમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી ૨૦૪૦ના વૈશાખસુદ-૩ના રોજ પૂર્ણ કરી.

કર્મશાસ્રપારંગત સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂજ્ય આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ પાસે ધાર્મિક કર્મગ્રંથાદિ અભ્યાસ કર્યો.

દીક્ષા પછી રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમવંત છે. હાલ વર્ધમાન તપની પુનઃ ૫૩મી ઓળીની આરાધના ચાલે છે. જ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું સરળ, સુબોધ ને સુગ્રાહ્ય શૈલીમાં લેખન-સંપાદનના કાર્યમાં પ્રવૃત્તિશીલ એવા મુનિશ્રીને કોટિ કોટિ વંદન.

પ્રો. કવિન શાહ-બીલીમોરા

# અકલંક ગ્રંથમાળા તરફથી અરજી

## શ્રીમાન ટ્રસ્ટી મહોદય:

લિ. અકલંક ગ્રંથમાળા વતી રતીલાલ મણીલાલ શાહ તથા વસંતલાલ રતીલાલ શાહના પ્રણામ વાંચશો.

વિ, આપશ્રીના જાણમાં હશે જ કે પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજની સતત્ પ્રેરણા અને માર્ગદર્શનથી અકલંક ગ્રંથમાળા સં. ૨૦૩૭ થી શરૂ કરવામાં આવી છે. જેમાં આજ દિન સુધીમાં એકસોઆઠ પુસ્તકો પ્રકાશિત થયા છે તો જ્ઞાનોપાસનાના શુભ કાર્યમાં આપના સંઘ તરફથી જ્ઞાનખાતામાંથી અગર વ્યક્તિગત સારી રકમ મોકલવા ધ્યાન આપશો. 'અકલંક ગ્રંથમાળા' નામનો ડ્રાફ્ટ કે ચેક મોકલી શકાશે.

## યોજના નીચે મુજબ છે.

૧. જ્ઞાનખાતામાંથી ઓછામાં ઓછા પાંચ હજારની રકમ મોકલવાથી એક પુસ્તકની હજાર નકલ આપના સંઘ તરફથી છપાવવાનો લાભ મળશે. અને જોઈતા પુસ્તકો ભેટ મળશે.

૨. ચતુર્વિધ સંઘમાંથી કોઈ પણ વ્યક્તિ રૂા. ૧૫૦૧ આપી પેટ્રન બની શકશે. પેટ્રન થનારનો ફોટો તથા જીવન ઝરમર છપાતા કોઈ પણ એક પુસ્તકમાં મુકાશે.

૩. રૂા. ૧૦૦૧ આજીવન સભ્યના છે તેમને દર સાલ છપાતા પુસ્તકો ભેટ મળતા રહેશે તેમજ હાજર પુસ્તકો ભેટ મળશે.

૪. રૂા. ૫૫૧ પાંચ વર્ષના સભ્યના છે. હાજર પુસ્તકો ભેટ મળશે.

૫. રૂા. ૨૫૧ બે વર્ષના સભ્યના છે. ,,

૬. રૂા. ૧૫૧ એક વર્ષના સભ્યના છે. ,,

આ પુસ્તકો સાધુ સાધ્વીને તથા જ્ઞાનભંડારને ભેટ અપાય છે. શ્રાવક શ્રાવિકા માટે ઉપરની યોજના છે. એક પુસ્તક દીઠ પાંચ રૂપિયા ભેટ આપી શકાય છે.

# ચંદરાજાનું ચરિત્ર

આભાપુરી નગરીમાં વીરસેન રાજા રાજ્ય કરતો હતો તેને વીરમતિ નામે રાણી બહુ રૂપવાન, બુદ્ધિવાન ને તેજસ્વી હતી એક વખત રાજાની સભામાં ઘોડાઓનો વેપારી આવ્યો અને પોતાની પાસે ઉત્તમ જાતિના ઘોડાઓ છે. તેમ કહેવાથી રાજાએ બધા ઘોડા ખરીદી લીધા.

એક દિવસ રાજા શ્રેષ્ઠ ઘોડા પર બેસી શિકારે નીકળ્યો. એક સુંદર હરણને દેખી રાજા તેની પાછળ પડયો. હરણ જીવ બચાવવા ક્યાંક છુપાઇ ગયું તેથી રાજાએ પાછા ફરવા ઘોડાની લગામ ખેંચી. અવળી શિક્ષા પામેલો ઘોડો વધુ દોડવા લાગ્યો પરિવાર બધો પાછળ રહી ગયો અને રાજા ગાઢ જંગલમાં આવી પહોંચ્યો પછી ઘોડાની લગામ ઢીલી મુકતાં ઘોડો ઉભો રહ્યો.

એક ઝાડ નીચે ઘોડાને બાંધી રાજા પાણીની તપાસ કરવા લાગ્યો, ત્યાં દૂર એક વાવ દેખી રાજા

તેમાં સ્નાન કરવા ઉતર્યો. બહાર નિકળતાં એક જાળી જોઈ. તે ઉઘાડતાં તેની અંદર એક સુંદર બગીચો જોયો આગળ જતાં એક યોગીને મંત્ર જપતાં જોયો. તેની બાજુમાં સોળ વર્ષની એક કુમારીકાને વિલાપ કરતી અને હે આભાપુરીનરેશ! મને બચાવો. તેમ બોલતાં સાંભળી રાજા યોગીને ધમકાવતાં યોગી નાસી ગયો અને કન્યાને બચાવી. રાજાએ તેનું વૃત્તાંત પૂછતાં તેણીએ કહ્યું :–

હું પદ્મપુરીના રાજા પદ્મશેખરની રતિરૂપા નામે રાણીની પુત્રી ચંદ્રાવતી નામે છું. મારા પિતાએ મને ઉંમર લાયક જાણી વર માટે નૈમિત્તિકને પૂછતાં તેણે કહ્યું કે, તેને આભાપુરીનો રાજા વીરસેન પરણશે. એક વખતે હું સખીઓ સાથે ગામને પાદર ક્રીડા કરતી હતી તેવામાં આ યોગી મને ઉપાડી અહિં લાવ્યો. મેં ઘણી બુમો પાડી અંતે આપનું નામ ઉચ્ચારતાં આપે આવી મને બચાવી. તો શું આપજ આભાપુરી નરેશ તો નથીને? રાજાએ કહ્યું કે તારૂં અનુમાન સાચું છે. પછી રાજા તેને પોતાની નગરીમાં લઈ ગયો ને પદ્મશેખર રાજાને સમાચાર આપ્યા કે યોગી પાસેથી તમારી પુત્રીને છોડાવી હું આભાપુરીમાં લાવ્યો છું.

પદ્મશેખર પોતાની પ્રિયાસહિત આભાપુરીમાં આવી ચંદ્રાવતીનાં લગ્ન વિરસેન રાજા સાથે બહુ જ ધામધુમથી કર્યા. વીરમતી ઇર્ષ્યાથી ચંદ્રાવતી સાથે ઝઘડવા લાગી પણ ચંદ્રાવતી બધું સહન કરતી. વખત જતાં ચંદ્રાવતીએ પુત્રનો જન્મ આપ્યો, તેનું ચંદ્રકુમાર નામ પાડયું. વીરમતિ બન્નેનું અશુભ ચિંતવતી પણ ઉપરથી સારો વર્તાવ રાખતી હતી. ચંદ્રાવતી ને ચંદ્રકુમારના પુણ્યોદયે વીરમતિ તેમનું કંઈ અશુભ કરી શકી નહિ.

એક વખત વસંત ઋતુમાં વીરમતી બગીચામાં ફરવા આવી. તેને પુત્ર ન હોવાથી દુઃખી થએલી જોઈ ઝાડ પર બેઠેલાં એક પોપટે મનુષ્ય ભાષામાં તેના દુઃખનું કારણ પુછયું. વીરમતીએ કહ્યું કે, તું પક્ષી જાત મારૂં દુઃખ કઈ રીતે ભાંગી શકે? પોપટે કહ્યું કે, હું વિદ્યાધર પાસે રહેલો છું. મારાથી બનતું જરૂર કરી આપીશ. એટલે વીરમતીએ કહ્યું કે, મને પુત્ર થાય તેવી કોઇ જડીબુટ્ટિ કે મંત્ર વિદ્યા લાવી આપ. પોપટે કહ્યું કે, આ વનની ઉત્તર દિશામાં ઋષભદેવના મંદિરમાં ચૈત્રી પુનમની રાત્રે અપ્સરાઓ આવે છે. તેમાં મુખ્ય અપ્સરા લીલાં વસ્ત્ર પહેરે છે. તેના પ્રભાવથી તમારું ધાર્યું કામ સિદ્ધ થશે.

અનુભવ સિદ્ધ તેનું વચન અંગીકાર કરી વીરમતી રાજી થઇ પોતાના આવાસે આવી. પછી ચૈત્રી પુનમની રાત્રે, તેણી ઋષભદેવના મંદિરમાં આવી છુપાઇને રહી. અપ્સરાઓએ આવી પ્રભુની આગળ ગીતગાન તથા નૃત્ય કરી કપડાં ઉતારી વાવમાં ન્હાવા પડી. તે વખતે લાગ જોઈ વીરમતીએ લીલાં વસ્ત્ર ઉપાડી મંદિરમાં આવી બારણાં બંધ કરી બેઠી. મુખ્ય અપ્સરા ન્હાઈને બહાર નીકળતાં પોતાનાં વસ્ત્રો ન જોવાથી તપાસ કરવા લાગી. મંદિર બંધ કરેલું જોઇ વસ્ત્રો લઇ કોઇ અંદર પેઠું હશે તેમ વિચારી તે મુખ્ય અપ્સરાએ કહ્યું–

મારા વસ્ત્ર આપનારનું જે કામ હશે તે કરી આપીશું. તે સાંભળી વીરમતીએ દરવાજો ખોલી નાખ્યો અને પુત્રની માગણી કરી વસ્ત્ર પાછાં આપ્યાં. અપ્સરાએ કહ્યું કે, તારા ભાગ્યમાં પુત્ર નથી શોક્યના પુત્રને તારો પુત્ર માન! તે સિવાય તને જે વિદ્યા જોઈએ તે આપીશ. વીરમતીએ નિરાશ થઇ આકાશગામીની, જળતરણી, સર્વબળાહરણી. વગેરે વિદ્યાઓ લઈ પોતાના સ્થાને આવી. રાજા આ વાતથી અજાણ હતો.

એક વખત રાજાએ ચંદ્રકુમારને યોગ્ય વયે

ગુણશેખર રાજાની પુત્રી ગુણાવળી સાથે પરણાવ્યો. ચંદ્રકુમાર ને ગુણાવળી આનંદથી રહેતાં હતાં. વીરમતી પણ બહારથી ખુબ પ્રેમ બતાવતી હતી. હવે એક વખત ચંદ્રાવતી રાણીએ વીરસેન રાજાના કેશપાસ ઓળતાં ધોળો વાળ બતાવ્યો. તે જોઇ રાજાને પોતાના પૂર્વજોની જેમ સંયમ ગ્રહણ કરવાની ઇચ્છા થઈ. ચંદ્રાવતી પણ તેની સાથે દીક્ષા લેવા તૈયાર થતાં રાજાએ વીરમતીને કહ્યું-

હે દેવી! તમે ડાહ્યાં ને અનુભવી છો. તો ચંદ્રકુમારને પુત્રની જેમ સાચવજો અને આપણા કુળની કીર્તિને વધારજો. આજે જ ચંદ્રકુમારને રાજ્ય પર સ્થાપન કરી અમો દીક્ષા લેશું. ચંદ્રકુમારને રાજ્ય સોંપી વીરમતીને તારી સગી માતાની જેમ માની તેનું કહ્યું કરજે અને ન્યાયથી રાજ્યનું પાલન કરજે એમ શિખામણ આપી. રાજારાણી દીક્ષા લઇ સંયમ પાળી સિદ્ધિગતિને પામ્યાં. હવે વીરમતી રાજરાણી મટી રાજમાતા બની.

ચંદ્રકુમારની ઉંમર નાની હોવાથી રાજ્ય કારભાર વીરમતી ચલાવવા લાગી. તેણે ચંદ્રકુમારને કહ્યું કે, હે પુત્ર! તું સુખે વૈભવ ભોગવ. હું રાજ્ય ખટપટ સંભાળીશ. મારામાં ઇન્દ્રનું સિંહાસન

ડોલાવવાની તાકાત છે. તેથી મને અનુકૂળ વર્તજે. મારી ખાનગી વાતમાં તું આડે આવીશ નહિ. ચંદ્રકુમારે તેનું કહેલું શિરસાવંદ્ય કર્યું. એટલે તે રાજી થઈ પોતાને સ્થળે ગઈ.

એક વખત વીરમતી ગુણાવળી પાસે આવી ગુણાવળી તેના પગમાં પડી અને આપનો શો હુકમ છે? તેમ પુછતાં વીરમતીએ કહ્યું કે, તું તો મારે આંખની કીકી સમાન છું. જતે દિવસે મારી બધી વિદ્યાઓ તને આપવાની છું. ગુણાવળી આ સાંભળી હર્ષ પામી અને સાસુની પગચંપી કરવા લાગી. પછી વીરમતીએ કહ્યું કે, તું બધી રીતે સુખી છે. પરંતુ પાંજરામાં પુરાએલ પોપટ જેવી તારી દશા છે. ગુણાવળીએ કહ્યું કે મને તે બાબતનું જરાએ દુઃખ નથી. વીરમતીએ કહ્યું કે, તું કૂવાના દેડકા જેવી ફક્ત પીયર ને સાસરૂં એ જ દુનિયા માને છે. પણ દુનિયા ઘણી મોટી છે. મારે તને દેશ પરદેશ ફેરવવી છે. મારી પાસે આકાશગામિની વિદ્યા છે. મારૂં કહ્યું કરે તો તને બધાં તીર્થોની યાત્રા કરાવું અને દુનિયાના આશ્ચર્યો બતાવું.

ગુણાવળીએ કહ્યું કે, પતિની રજા સિવાય મારાથી બહાર નીકળાય નહિ. જોવાનું મન તો

દરેકને થાય પણ સ્રીને પતિ એજ સર્વસ્વ છે. ત્યારે વીરમતીએ કહ્યું કે, તું ગભરાઇશ નહિ. તારે પતિની રજા ન લેવી પડે તેમ તેને ઉંઘતો રાખી આપણે ફરીને પાછા આવીએ ત્યારે જ તે જાગે એવું કરીશું. ગુણાવળીએ વીરમતીનું કહેવું કબુલ કર્યું અને સોબત તેવી અસર ગુણાવળીને થઈ.

વીરમતીને ખાત્રી થતાં. એક રાત્રે કૌતુક જોવા વિમળાપુરી જવા ગુણાવળીને કહ્યું. ગુણાવળી બોલી કે, આપના કહેવા મુજબ વિમળાપુરી અઢારસો યોજન દૂર છે. મારા પતિ રાત્રે એક પહોર પછી આવે છે તેમને સુતાં બીજો પહોર થઈ જાય છે. ત્રીજા પહોરે જાગી જાય છે. તો ફક્ત એકજ પહોરમાં તેટલે દૂર જઈને પાછા કઈ રીતે આવી શકાય ? વીરમતિ બોલી કે, તેની ફીકર કરીશ નહિ આજે તે વહેલો આવશે ને વહેલો સુઈ જશે એમ કહી બન્ને જુદાં પડયાં.

તેટલામાં ચંદ્રકુમાર ગુણાવલી પાસે આવ્યો તેણે છાની રીતે સાસુ વહુની વાત સાંભળી લીધી હોવાથી ઉંઘવાનો ડોળ કરી સુઈ ગયો. થોડીવારે ગુણાવલી ઉઠી બહાર તપાસ કરી પાછી આવી.

પતિ જાગે છે કે નહિ તે જાણવા બોલવા લાગી. ચંદ્રકુમારને શંકા ઉપજવાથી ઉંઘતો બોલે પણ જાગતો ન બોલે તેમ ઢંઢોળવા છતાં તે બોલ્યો નહિ એટલે ગુણાવલીએ પતિને ભર નિદ્રામાં જાણી વીરમતીના આવાસે ગઈ. રાજા પણ ઉઠીને તેની પાછળ તે ન દેખે તેમ તરવાર લઈને વીરમતીના આવાસના બારણામાં સંતાઈ ગયો.

ગુણાવલીને વીરમતીએ કહ્યું કે, તું પાસેના બગીચામાંથી કરેણના ઝાડમાંથી એક ડાળી લાવ તે હું તને મંત્રીને આપું. તે લઈ જે શય્યામાં તારો પતિ સુતો છે. ત્યાં તેની આસપાસ ફેરવી ત્રણ વખત ઠમકારજે જેથી આપણે પાછા આવીએ ત્યાં સુધી તે જાગશે નહિં. આ સાંભળી ચંદ્રકુમાર ઝટ-પટ ત્યાં જઇ કોઇ માણસ સુતું હોય તેમ કરી રજાઈ ચાદર ઓઢાડી દીધી. ગુણાવલી જવાની ઉતાવળમાં શય્યામાં કોણ સુતું છે તે તપાસ્યા વિનાજ કરેણની સોટી તેની આસપાસ ફેરવી ત્રણ-વાર ઠમઠોરી વીરમતી પાસે આવી. તેની પાછળ ચંદ્રકુમાર આવી બારણા પાછળ સંતાઈ ગયો.

વીરમતીએ ગર્દભી વિદ્યાનો પ્રયોગ કરી ગધેડું ભુંકવાથી આખા નગરને ઉંઘાડી દીધું ને ગુણાવ-

લીને કહ્યું કે, આપણે ચંદનવાડીમાં જે પહેલો આંબો છે, તેના પર ચઢી વિમળાપુરી જઈએ. આ શબ્દો બારણા પાછળ સંતાએલા ચંદ્રકુમારે સાંભળ્યા એટલે તે આંબાની બખોલમાં ભરાઈ ગયો.

તેટલામાં સાસુ વહુ આવી આંબાપર ચઢયાં. વીરમતી આંબા પર કંબાનો પ્રહાર કરી બોલી અમને વિમળાપુરી લઈ જા. એટલું કહેતામાં તો આંબો ઉડયો. વચમાં આવતા તીર્થોને બતાવતી ને વહુને ખુશ કરતી વીરમતી વિમળાપુરી આવી પહોંચ્યાં. વૃક્ષ નીચે ઉતર્યું ને વનમાં સ્થિર થઈ ગયું. સાસુ વહુ આંબા પરથી ઉતરી નગર તરફ જવા લાગ્યાં. ચંદ્રકુમાર પણ બખોલમાંથી નીકળી તેમની પાછળ ચાલ્યો. વિમળાપુરીના દરવાજામાં પેસતા જ દ્વારપાળે કહ્યું કે, પધારો આભાપુરીના નરેશ ચંદ્રકુમાર! અમારા સિંહલરાજા આપની વાટ જોતા ઉભા છે.

ચંદ્રકુમાર વિચારમાં પડી ગયો તેણે કહ્યું કે, હું રાજા નથી અને સિંહલ રાજાને પણ ઓળખતો નથી. તેટલામાં સિંહ રાજાએ મોકલેલ બે માણસોએ આવી ચંદ્રકુમારને કહ્યું કે આજે અર્ધીરાત્રી વિત્યા બાદ પ્રથમ બે સ્ત્રીઓ આવશે ને તેની પાછળ

આભાપુરી નરેશ આવશે. તેમને આદરપૂર્વક અહિં લાવો તેમ કહી અમોને મોકલ્યા છે તે બે સ્ત્રીઓ તો હમણાં જ ગઇ છે તેની પાછળ તમો આવ્યા છો. આ સંબંધમાં અમો વધુ કંઇપણ જાણતા નથી આપ અમારા રાજા પાસે આવશો એટલે બધી વાતનો ખ્યાલ આવશે. પછી ચંદ્રકુમાર પણ તે માણસોની સાથે સિંહલ રાજા પાસે આવ્યો.

સિંહલ રાજા ચંદ્રકુમારને પોતાના આસાન પર બેસાડી ભેટી પડયો ને બોલ્યો કે, હે આભાપુરી નરેશ ચંદ્રરાજા! દેવીના વચનથી આપનું અત્રે આગમન થયાનું જાણી આપનું અમે સ્વાગત કરીએ છીએ. આપ આપની જાતને કોઇ રીતે છુપાવી શકો તેમ નથી. આપ પરોપકારી છો તેથી અમારૂં કામ જરૂર કરી આપશો. તેટલામાં સિંહલ રાજાનો મંત્રી હિંસક તથા કુમાર કનકધ્વજ ને રાણી કનકાવતી ને ધાવમાતા કપિલ ત્યાં આવ્યા

રાજાની આજ્ઞાથી હિંસક મંત્રીએ ચંદ્રરાજાને કહ્યું કે, હે પરદુઃખભંજન ચંદ્રકુમાર! અમારી મુશ્કેલી તમારા વિના કોઈ દૂર કરે તેમ નથી. જુઓ! આ સામે બેઠો તે રાજાનો પુત્ર કુમાર કનક-

ધ્વજ છે તે અહિંના રાજાની કુંવરી પ્રેમલાલચ્છીને પરણવા આવ્યો છે. અમે બધા તેની જાન લઈ સિંહલપુરથી આવ્યા છીએ અમારૂં નગર બહુ દૂર છે. તમે કનકધ્વજકુમાર બની પ્રેમલાલચ્છીને પરણી તે કન્યા સોંપી ચાલ્યા જાઓ. આટલું જ અમારૂં કામ છે.

ચંદ્રકુમાર બોલ્યો કે, આમ ભાડે તે લગ્ન થતાં હશે? હું પરણું તે કન્યાનો ભોગવટો કનકધ્વજ કરે તેના કરતાં તો તેને જ કેમ પરણાવતા નથી? ત્યારે મંત્રી બોલ્યો કે, આમાં રહસ્ય એ છે કે આ અમારા સિંહલપુરના રાજા છે. તેમનું નામ કનક-રથ છે. આ રાણી કનકાવતી છે. હું તેમનો મંત્રી છું આ તેમની વિશ્વાસુ ધાવમાતા કપીલા છે. રાજા રાણીને પુત્ર ન હોવાથી ગોત્રદેવીની આરાધના કરી ગોત્રદેવી પ્રસન્ન થયા ને કહ્યું કે તમારે પુત્ર થશે પણ કોઢીયો થશે. રાજાએ વિચાર્યું કે ફરી આરા-ધના કરી તેનો કોઢ મટાડીશું. થોડા સમય પછી રાણીએ પુત્રને જન્મ આપ્યો તેનું કનકધ્વજ નામ પાડયું

કોઢીઓ હોવાથી ભોંયરામાં રાખ્યો અને બહાર તેનું રૂપ અથાગ હોવાથી નજર ન લાગે

માટે ભોંયરામાં રાખીએ છીએ તેમ જાહેર કરી મોટો મહોત્સવ કર્યો. ભોંયરામાં અભ્યાસ કરતા કુમારની ઉંમર સોળ વર્ષની થઇ એટલામાં અમારા દેશના કેટલાક વેપારીઓ વિમળાપુરી ગયા. ત્યાંના રાજા મકરધ્વજને ભેટણું ધરી અમો સિંહલપુરથી આવીએ છીએ તેમ જણાવ્યું. વધુમાં સિંહલપુરના રાજાને અતિશય રૂપવાન પુત્ર છે. તેને નજર ન લાગે માટે ભોંયરામાં જ રાખે છે એમ જણાવ્યું.

મકરધ્વજ રાજાને પ્રેમલાલચ્છી નામે પુત્રી ઉંમર લાયક હોવાથી વરની ચિંતા રાજા કરતો હતો તે આ વાત સાંભળી મંત્રીઓ સાથે મંત્રણા કરી પ્રેમલાલચ્છીનું કનકધ્વજ સાથે વેવીશાળ કરવા ચાર મંત્રીઓને સિંહલદેશના વ્યાપારીઓ સાથે સિંહલપુર મોકલ્યા. તેઓએ કનકરથ રાજાને મળી વિવાહ સંબંધી વાત કરી રાજા બોલ્યો કે, વિચાર કરીને જવાબ આપીશું. પછી રાજાએ મને બોલાવી કહ્યું કે, કોઢીઆ પુત્ર સાથે આવી રૂપવાન કન્યાનું વેવીશાળ કરવું મને ઠીક લાગતું નથી. મેં કહ્યું હમણા તો વિવાહ કબુલી લો પછી લગ્ન વખતે કુળદેવીને આરાધી તેનો કોઢ મટાડી દેશું.

બીજે દિવસે વિમળાપુરીના મંત્રીઓએ આવી રાજાને વિવાહ માટેની ફરી માંગણી કરી. રાજા કંઈ બોલ્યા નહિ. પણ મેં કહ્યું કે, દૂર દેશથી કુમારના ગુણો સાંભળી આવ્યા છે તો તેમનું માગું કબુલ કરો. મારા આગ્રહથી રાજાએ કબુલ કર્યું ને શ્રીફળ ગ્રહણ કર્યું. પછી મંત્રીઓએ બોલ્યા કે, અમારે વિમળાપુરી જવાની ઉતાવળ છે માટે કુમારનાં દર્શન કરાવો. એટલે અમે અમારા રાજાને બધી હકીકત કહી લગ્નતિથિ નક્કી કરી જણાવીએ. મેં કહ્યું કે, કુમાર તેના મોસાળમાં ગયો છે તે હમણાં આવી શકે તેમ નથી. મંત્રીઓએ જોવાની જીદ કરતાં મેં તે ચારે મંત્રીઓને ક્રોડ ક્રોડ સૌનેયા ભેટ આપ્યા તેથી તેઓ બોલ્યા કે, હવે કુમારને જોવાની જરૂર નથી.

લગ્નનું મુહૂર્ત જોશી પાસે જોવડાવો એટલે અમો જઈ રાજાને ખબર આપીએ. જોશીએ છ મહીના પછીનું મુહૂર્ત કાઢી આપ્યું તે કબુલ કરી ચારે મંત્રીઓ વિમળાપુરી ગયા.

આ બાજુ મેં જાનની તૈયારી કરવા માંડી મારા આગ્રહથી રાજાએ કુળદેવીનું આરાધન કર્યું.

કુળદેવી પ્રસન્ન થઇ બોલી કે હે રાજા! તેનો કોઢ તો જશે નહિ પરંતુ લગ્નની રાત્રીએ પોતાની ઓરમાન માતા અને સ્ત્રીની પાછળ આભાપુરીનો ચંદ્રરાજા આવી પ્રેમલાલચ્છીને પરણશે. તેટલું કહી દેવી અદ્દશ્ય થયાં પછી જાન લઇ અમો આવી ગયા. આજેજ લગ્નના દિવસે તમો આવી ચઢયા છો. તે દેવીના વચનથી જાણી તમોને વિનવીએ છીએ કે અમારૂં આટલું કામ જરૂર કરી આપશો.

ચંદ્રકુમાર તેમની વિનંતી સ્વીકારી ઘોડે ચઢયા, વરઘોડો જોવા લોકો ટોળે મળ્યાં અને પ્રેમલાલચ્છીને આવો સુંદર વર મળવા માટે તેનાં ભાગ્યનાં વખાણ કરવા લાગ્યા. વરઘોડો નગરમાં ફરી તોરણે આવ્યો વરને પોંખી માયરામાં બેસાડ્યો. પ્રેમલાલચ્છી સાથે પાણિગ્રહણ થયું ત્યારે જોવા આવેલી ગુણાવલી પોતાની સાસુ વીરમતીને કહેવા લાગી કે આતો મારા પતિ ચંદ્રકુમાર જ છે અને પ્રેમલાલચ્છી મારી શોક્ય બની છે.

વીરમતીએ કહ્યું કે, તને બધે ચંદ્ર જ લાગ્યા કરે છે. તારા ચંદ્ર કરતાં પણ સવાયો આ કનકધ્વજ કુમાર છે. ગુણાવલી સાસુ આગળ કંઈ બોલી શકી નહિ. પ્રેમલાલચ્છી વરને જોઈ મલકાતી હતી અને

મકરધ્વજ રાજા પણ સુંદર વર મળ્યા બદલ આનંદ અનુભવતો હતો. તેટલામાં પ્રેમલાલચ્છીનું જમણું અંગ ફરકવા લાગ્યું. લગ્નની વિધિ પુરી થતાં વરકન્યા પાસા રમવા બેઠા. ત્યાં સમશ્યામાં પોતે આભાનગરીનો ચંદ્ર નરેશ છે તેમ પ્રેમલાને કહેતા ચતુર પ્રેમલા સમજી ગઈ કે કુમાર સિંહલપુરના નથી પણ આભાપુરીના છે. વરવહુ કંસાર જમવા બેઠા. જમતાં જમતાં ચંદ્રે પાણી માંગ્યું તો પ્રેમલાએ પાણી આપ્યું. ત્યારે ચંદ્રે કહ્યું કે, જો ગંગાનું પાણી હોય તોજ મીઠું લાગે. આ બોલવાથી તેની શંકા દૃઢ બની કારણ કે સિંહલપુર પાસે સિંધુ નદી છે જયારે આભાપુરી ગંગાના કાંઠે છે

તે વખતે સિંહલરાજે ચંદ્રકુમારને ખાનગીમાં કહ્યું કે, રાત થોડી છે અને કામ ઘણું છે માટે જલ્દી પતાવો. સજ્જ પુરૂષે પોતે આપેલું વચન પાળવું જોઈએ. હવે છેલ્લી હાથી ઘોડા વગેરેની પહેરામણી થયા બાદ વરવધૂ સિંહલરાજાને ઉતારે આવ્યા. ચંદ્રકુમાર ઊંચો નીચો થતો જોઇ પ્રેમલાલચ્છી વધુ શંકિત બની. તે તેને છોડવા માગતી ન હતી. અંતે હિંસક મંત્રીએ સંજ્ઞાથી જવા

કહેતાં વડિશંકાના બ્હાને બહાર નિકળ્યો. ત્યાં પણ પ્રેમલા સાથે ગઇ. ચંદ્રે પ્રેમલાને કહ્યું કે, હું વચનથી બંધાએલ છું એટલે મારે જવું જોઇએ.

પ્રેમલાએ કહ્યું, મને તરછોડી જવું આપને યોગ્ય નથી. તમેજ આભાપુરીના ચંદ્રરાજા છો હું તમને પરણી છું તમે જ્યાં જશો ત્યાં હું આવીશ. એટલામાં હિંસકમંત્રી ત્યાં આવ્યો. એટલે પ્રેમલા લાજ કાઢી ચંદ્રકુમારનો છેડો છોડી ઉભી રહી. હિંસક મંત્રી ચંદ્રકુમારને ખેંચી બહાર લઇ ગયો. પ્રેમલા પછાડ ખાઈ જમીન પર પડી. ત્યારે ચંદ્રે સિંહલરાજાને કહ્યું કે, જાઉં છું પણ હવે પછી સુંદરીની લાજ તમારા હાથમાં છે પછી ચંદ્રકુમાર ગામને સીમાડે આવી આંબાની બખોલમાં ભરાઈ ગયો. થોડીવારે સાસુ વહુ આવ્યા ને આંબાપર ચઢયાં. વીરમતીએ કંબાની સોટી આંબાપર લગાવી બોલી કે આંબા અમને આભાપુરી લઇજા.

આંબો ઉડયો. રસ્તામાં વીરમતીએ ગુણાવલીને કહ્યું કે, ઘેર રહી હોત તો પ્રેમલા ને કનકધ્વજનાં લગ્ન જોવા મળત ખરાં? ગુણાવલી બોલી કે, બાઇ! તમારી શક્તિ અપાર છે પણ તમે

જે કનકધ્વજ માનો છો તે તમારા પુત્ર જ હતા. વીરમતી બોલી કે, સરખી આકૃતિવાળા પુરુષો શું નથી હોતા ? ચંદ્ર તો આભાપુરીમાં સુતો છે તે અહિં ક્યાંથી આવી શકે ? તેટલામાં આભાપુરી આવતાં વૃક્ષ સ્થિર થઈ ગયું. સાસુ વહુ વાવમાં હાથ પગ ધોવા ગયાં એટલે ચંદ્રકુમાર બખોલમાંથી નીકળી પોતાની જગાએ જઈ સુઈ ગયો.

વીરમતીએ નગરમાં આવી નિદ્રા સંહરી એટલે બધા જાગ્યા. પછી ગુણાવલીને કંબા આપી કહ્યું કે તારા પતિ ઉપર કંબા ફેરવીશ એટલે તે જાગશે એમ કહી મોકલી. ગુણાવલીએ આવી કંબા ફેરવી પતિને જગાડતાં બોલી કે મને તો આખી રાત ઉંઘ પણ નથી આવી અને તમને ઢંઢોળવા છતાં પણ જાગતા નથી. રાજા આંખો ચોળતો બેઠો થયો ને બોલ્યો કે રાત્રે માવઠું પડયું તેની ઠંડકથી ઉંઘ ખૂબ આવી ગઈ પણ તમને ઉજાગરો કેમ થયો ? તમે ક્યાંય બહાર ફરી આવ્યા લાગો છો ? તમારી વાણી ઉપરથી તમે બહાર રંગરાગ કરી આવ્યા લાગો છો.

ગુણાવલી બોલી કે, નાથ ! આવું અછતું

આળ ન આપો. હું દિવસે પણ બહાર જઇ શકતી નથી તો રાત્રે કેમ જાઉં? રાજા બોલ્યા કે, તમે કપડાં બદલી બહાર ગયા છો માટે સાચી વાત જણાવો? એટલે હવે બહાર જવાની વાતતો કહેવી પડશે તેમ વિચારી ભળતી જ વાત કરવા માંડી. વૈતાઢ્યમાં વિશાળાનગરીનાં મણીપ્રભ વિદ્યાધર તેની સ્ત્રી ચંદ્રલેખા સાથે વિમાનમાં બેસી યાત્રાએ જઈ પાછા ફરતાં આભાનગરી આવતાં વરસાદ ને ઠંડા પવનથી વિમાન અટકી ગયું.

વિદ્યાધરીએ પૂછયું કે, નાથ! અહિં અકાળે કેમ વરસાદ પડે છે? વિદ્યાધર બોલ્યા કે, આ નગર ઉપર કોઇ દેવ કોપ્યો છે બાકી રાજા તો પુણ્યશાળી છે. વિદ્યાધરીએ કહ્યું કે, તેના બચાવનો રસ્તો બતાવો. ત્યારે વિદ્યાધરે કહ્યું કે, તું રાજાની રાણી ને રાજમાતા ત્રણે જણ શાન્તિનાથ ભગવાન આગળ ગુણકીર્તન કરો તો દેવનું વિઘ્ન ટળે. વિદ્યાધરીએ અમને બન્ને સાસુ વહુને સમજાવી તેની સાથે ગુણકીર્તનમાં જોડયાં. સવાર થતાં તેઓ ગયાં ને હું આપની પાસે આવી. આપ જોઈ શકશો કે મને ઉંઘ નહિં આવવાનું કારણ શું છે?

રાજા બોલ્યો, તમે મારી ચિંતા ન કરો તો

બીજું કોણ કરે ? પતિના દુઃખમાં સતિ સ્ત્રીને ઉંઘ પણ ન આવે પરંતુ તમારી વાતમાં અને મને સ્વપ્ન આવ્યું છે તેમાં ફેર લાગે છે.

મેં સ્વપ્નમાં જોયું કે તમે તથા માતાજી વિમલાપુરી જઈ લગ્ન જોઈ આવ્યાં. મારૂં સ્વપ્નું ખોટું પણ હોય ને તમારૂં પ્રત્યક્ષ જોયેલું સાચું પણ હોય. રાણીએ કહ્યું કે, સ્વપ્નો સાચાં હોતાં જ નથી. રાજાએ કહ્યું કે, મને મારૂં સ્વપ્ન તદ્દન સાચું લાગે છે. ભલે તમે છુપાવો. તમે કૌતુક જુઓ તો મને પણ બતાવજો એટલું જ કહું છું. ગુણાવલી વિચાર કરવા લાગી કે પતિ જરૂર ત્યાં આવી પ્રેમલાને પરણ્યા છે. પરણ્યાની તાજી નિશાનીઓ પણ છે.

હું સાસુના રવાડે ચઢી તેથી પતિને અણગમતિ થઈ. પતિના ગયા પછી ગુણાવલી વીરમતિ પાસે આવી કહેવા લાગી. આપે મારી વાત માની નહિ પણ તે જ મારા પતિ પ્રેમલાલચ્છીને પરણ્યા છે. જેમ તમારી પાસે આકાશગામીની વિદ્યા છે. તેમ તેમની પાસે પણ હોવી જોઈએ. મેં વાત છુપાવી ભળતી વાત કહી પરંતુ આખરે મારે તેમની વાત સાચી માનવી પડી. મારા પતિ રીસાયા છે. હું

જુઠી પડી તેથી અમારા બન્ને વચ્ચે કડવાશ ઉત્પન્ન થઈ છે.

વીરમતી બોલી, કે તું બીલકુલ ગભરાઈશ નહિ. હું બધું ઠીક કરીશ. એમ કહી ક્રોધથી ધમધમતી ખુલ્લી તલવાર લઈ ચંદ્રકુમાર પાસે આવી તેને જમીન પર પછાડી છાતી પર ચઢી બેઠી કહેવા લાગી: એ ચંદ્ર! મેં તને કહેલું કે તું મારી પુંઠ જોઈશ નહિ છતાં તું મારી પુંઠ જુવે છે અને મને વૃદ્ધાવસ્થામાં રંજાડવા માગે છે કેમ? ચંદ્રકુમાર દૈવ વિપરીત હોવાને લીધે માતાની સામે કંઇ પણ બોલી શકયો નહિ. તેટલામાં ગુણાવલી ત્યાં આવી, પતિ ઉપર ચઢી બેઠેલ માતાને પગે લાગી વિનવવા લાગી.

હું ખોળો પાથરી આપની પાસે સૌભાગ્યની માગણી કરૂં છું. તેમની ભૂલની માફી આપી અભયદાન આપો. તેમના વિના મારૂં જીવન નકામું છે. છોરૂં કછોરૂં થાય પણ માતા કુમાતા ન થાય. ત્યારે વીરમતી બોલી કે, મેં તેને બીચારો બાપડો માન્યો હતો પણ તે મારા પર છાણા થાપવા લાગ્યો છે તેથી હવે તેની જરૂર નથી એમ કહી તલવાર ગળા પર મારવા જાય છે ત્યાં ગુણાવલી

પોકે પોકે રડતી વીરમતીને વળગી પડી કહેવા લાગી કે, બાઈ તેમના અને મ્હારા લાખ ગુન્હા છે પણ હવે દયા લાવી ગુન્હા માફ કરો.

વીરમતીએ તલવાર મ્યાન કરી પણ ચંદ્રકુમારના ગળે મંત્રેલો દોરો બાંધ્યો તેના પ્રભાવથી ચંદ્રરાજા કુકડો બની ગયો. ગુણાવલીને કહ્યું કે, તારા કગરવાથી તેને જીવતો છોડ્યો છે. પણ આપણા છિદ્ર જોવાનું ફળરૂપ કુકડો બનાવ્યો છે. હવે તું વધુ કગરીશ તો તને પણ કુકડી બનાવીશ અને આ કુકડાને મારી નાખીશ એમ કહી જતી રહી. ગુણાવલી પછાડ ખાઈને જમીન પર પડી.

બીજે દિવસે કુકડાને ખોળામાં લઈ ગુણાવલી પોતાના અવગુણને લીધે કુકડો બનેલ પતિના ગુણ ગાવા લાગી. મેં આપને દુઃખમાં પાડયા કહી રડવા લાગી.તો ઘડીકમાં ભાવિનો વિચાર કરતી કહેવા લાગી કે દરેક જીવને પોતાનાં કરેલા કર્મ અવશ્ય ભોગવવાં પડે છે મારે તમારે અને સાસુને એવા જ ઋણાનુંબંધ હશે કે મારા નિમિત્તથી આપને દુઃખ પડવાનું લખેલું હશે પછી રાણીએ સોનાનું પાંજરૂં કરાવી કુકડાની પુજા ભક્તિ કરવા લાગી. કુકડાને પાણી

પાવા સોનાનું કચોળું મુકતી ને તેને જમાડયા પછી જ પોતે જમતી. કુકડાના પગ પખાળતી કુકડાને પતિની માફક સાચવતી હતી.

એક વખત ગોચરીએ નીકળેલ કોઈ મુનિરાજ તેના ત્યાં વહોરવા પધાર્યા. પાંજરામાં રહેલ કુકડા પ્રત્યે રાણીની મમતા જોઈ મુનિએ કહ્યું કે શ્રાવકને પક્ષી પાળવા તે કર્માદાન ગણાય ત્યારે રાણીએ આંખમાં આંસુ લાવી મુનિરાજને પોતાની બધી હકીકત જણાવી. તેથી મુનિએ કહ્યું કે ધર્મ કરણીમાં વધુ દૃઢ બનો તેથી જ દુઃખ ટળી સુખ ઉત્પન્ન થશે એમ કહી મુનિ ચાલ્યા ગયા.

આખા નગરમાં વાત પ્રસરી ગઇ કે વીરમતીએ ચંદ્રરાજાને કુકડો બનાવી દીધો છે. તે ગુણાવલી તેને પાંજરામાં રાખી સરભરા કરે છે, તેથી વીરમતીએ ગુણાવલીને કહ્યું કે મારે તો ચંદ્રને મારી જ નાખવો હતો પણ તારી આજીજીથી જીવતો છોડયો છે પણ હવે પછી કોઈ દિવસ તેને ગોખે લઇને બેસીસ નહિ. નહિતર કુકડાને મારી નાખીશ

ગુણાવલીએ કહ્યું કે મારી ભૂલ થઈ હવે ફરી તેમ કરીશ નહિ. ત્યારથી ગુણાવલી વીરમતીના

કહેવા મુજબ કરે છે. સાસુના બધા હુકમ ઉઠાવે છે તેની સાથે કૌતુક જોવા જાય છે પણ કુકડાને જરાપણ વિખુટો પાડતી નથી.

આ બાજુ પ્રેમલાલચ્છી ચંદ્રકુમારને આવવાની વાટ જુએ છે તેટલામાં હિંસકમંત્રીએ કનકધ્વજને પ્રેમલાલચ્છી પાસે મોકલ્યો તેને જોતાં જ કોઈ પર-પુરૂષ છે એમ વિચારી પ્રેમલાએ તેનો તિરસ્કાર કર્યો તેણે કહ્યું હું સિંહલપુરનો રાજકુમાર કનક-ધ્વજ છું. તમે હજુ હમણાં જ પરણ્યાને મને ભૂલી ગયા. પ્રેમલા બોલી કે મને પરણનારતો આભાપુરીનો રાજા ચંદ્રકુમાર છે. તું તો કોઢીયો કનકધ્વજ છે તેથી જ તને ભોંયરામાં રાખેલ હતો.

તેટલામાં કનકધ્વજની ધાવમાતા કપીલાએ આવી પ્રેમલાને કહ્યું કે અહિં બીજું કોઇ આવી શકે નહિ તમને ભ્રમ થયો લાગે છે. પ્રેમલા બોલી, કે ડોસી! વિચારીને બોલો! લાકડે માકડું વળ-ગાડવાનું કામ ન કરો? કપીલાનું કહ્યું પ્રેમલાએ માન્યું નહિ તેથી તણે બહાર આવી બુમ પાડી કે કનકધ્વજનું શરીર એક જ રાતમાં કોઢવાળું થઈ ગયું છે. બધા ભેગાં થયાં અને કપટ નાટક રચી

કહેવા લાગ્યાં કે અમારા ક્યાં ભોગ લાગ્યા કે આ વિષ કન્યા સાથે પુત્રને પરણાવ્યો. એક જ રાતમાં તેનાં સંસર્ગથી કોઢીઓ થઈ ગયો.

આ વાત મકરધ્વજ રાજાને કાને પહોંચતાં ત્યાં આવ્યો. પ્રેમલા કંઈ બોલી નહિ. બધાં રોકકળ કરવા લાગ્યા રાજાએ મંત્રીને પૂછયા ગાછયા વગર ચાંડાલોને હુકમ કર્યો કે પ્રેમલાને ગરદન મારો. મારે આવી પુત્રી ન જોઇએ. મંત્રીએ રાજાને સમજાવ્યો કે રાજા! આ બાબતમાં આપ ઉતાવળું પગલું ભરી રહ્યા છો આનો કોઢ જુનો લાગે છે. માટે આ બધું કપટ છે. રાજાએ મંત્રીનું કે મહાજનોનું કોઈનું પણ માન્યું નહિ તેથી ચંડાલો પ્રેમલાને સ્મશાને લઇ જઈ કહેવા લાગ્યા કે રાજાની આજ્ઞા તમને ગરદન મારવાની છે તો તમારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લો અને તમારી છેલ્લી ઇચ્છા હોય તે પણ કહો!

પ્રેમલાએ કહ્યું કે આ બાબતમાં પિતાજી મને કશું પૂછતાં નથી તેથી મારા કર્મનો દોષ છે. તમે તમારૂં કામ બજાવો! ચંડાલોને લાગ્યું કે પ્રેમલા નિર્દોષ છે તેથી મંત્રીને વાત કરી. મંત્રીએ રાજાને સમજાવી પ્રેમલાને રાજા પાસે હાજર કરી.

રાજાના કહેવાથી પ્રેમલાએ બધી વાત સમજાવી કહ્યું કે મને પરણનાર આભાપુરીનો ચંદ્રરાજા છે મારા ઉપર કલંક આવ્યું તે મારા કર્મનો દોષ છે. આ વાતનો નિર્ણય કરવા રાજાએ ચાર મંત્રીઓ જે વેવિશાળ કરવા ગયા હતા તેમને બોલાવી પૂછતાં તેઓએ મરણના ભયથી સાચી વાત કહી કે અમને હિંસક મંત્રીએ લાંચ આપી હતી એટલે કુમારને અમે જોયા વિના જ વેવિશાળ નક્કી કર્યું હતું.

રાજાએ મંત્રીઓને ઠપકો આપી ગુન્હો માફ કર્યો. અને સિંહલરાજા, રાજકુમાર, હિંસકમંત્રી, રાણી ને ધાવમાતાને રોકી બધાને સિંહલપુર રવાના કર્યા. આભાપુરી તપાસ કરવા માણસો મોકલ્યા. પ્રેમલાની ઇચ્છા મુજબ રાજાએ દાનશાળા બંધાવી ત્યાં પ્રેમલા સૌને દાન આપે છે ને ચંદ્રરાજાની તપાસ કરે છે થોડા દિવસ પછી વિમળાપુરીમાં સાધુ ભગવંત પધાર્યા. ભગવંતની દેશના સાંભળી પ્રેમલા દૃઢ બની. એક રાત્રે કોઇ દેવીએ તેને સ્વપ્નમાં કહ્યું કે પ્રેમલા! તું મુંઝાઇશ નહિ. તારો પતિ ચંદ્રરાજા તને સોળવર્ષે મળશે તે પછી તારું કલંક ઉતરશે ને તું સુખી થઇશ.

સ્વપ્નની બધી વાત તેણે પિતાને કહી. પિતા રાજી થયા. વળી કોઈ એક વખતે એક યોગીની વિમળાપુરીમાં આવી. વીણા વગાડતાં આભાપુરીના ચંદ્ર રાજાના ગુણગાતી હતી. પ્રેમલાએ તેને આદરભાવથી પૂછતાં તેણીએ કહ્યું કે ચંદ્રરાજા જેવો ઉદાર ને ગુણવાન રાજા બીજો કોઇ નથી પણ તેની ઓરમાન માતાએ તેને કુકડો બનાવી દીધો છે.

આ સાંભળી પ્રેમલાને ચંદ્રનું નામ સાંભળી આનંદ થયો પણ કુકડો થયાનું જાણી દુઃખી થઈ છતાં દેવીનું વચન યાદ કરી સોળ વર્ષે જરૂર મેળાપ થશે એમ માની કાળ વિતાવે છે. પિતાને પણ આ સમાચાર યોગીની દ્વારા મોકલાવે છે.

અહિં વીરમતીએ આભાપુરીમાં પોતાની ધાક બેસાડી રાજ્ય ચલાવતી હતી. મંત્રી વગેરે ચંદ્ર રાજાના સમાચાર જાણવા પૂછે તો રાજા વિદ્યા સાધે છે. તેમ કહેતી તેની ધાકથી કોઈ વિશેષ તપાસ કરી શકતું નહિ.

એક વખત મંત્રી રાજમાતાના આવાસે આવ્યો ત્યાં સોનાનાં પાંજરામાં કુકડો જોઈ રાજમાતાને કહ્યું કે. આપને કુકડો પાળવાનો શોખ ક્યારે

થયો ? વીરમતી બોલી કે મને તો શોખ નથી પણ વહુને આનંદ કરવા કુકડો ખરીદ્યો છે. મંત્રી બોલ્યો કે તેનું ખર્ચ ચોપડામાં પડયું નથી, ત્યારે રાજમાતા રુવાબથી બોલી કે શું અમારી પાસે કુકડો ખરીદવા જેટલી ખાનગી મિલ્કત ન હોય કે ચોપડે લખાવીએ. હવે પછી આવી વાતો કરવી નહિ.

બાજુના ખંડમાં ગુણાવલી બેઠી હતી તેણીએ સંજ્ઞાથી મંત્રીને જણાવી દીધું કે આ કુકડો જ ચંદ્ર રાજા છે. મંત્રી પણ રાજમાતાથી ડરતો હોવાથી કંઈ પણ બોલ્યા વિના ઘેર જતો રહ્યો હિમાલયના રાજા હેમરથને આભાપુરીનું રાજ્ય સ્ત્રી ચલાવે છે તેવી ખબર પડતા તેનું રાજ્ય ખુંચવી લેવા દુત મોકલી કહેવરાવ્યું કે રાજ્ય અમને સોંપી ધો, નહિતર હેમરથ ચોટલો ખેંચી બહાર કાઢશે.

આ સાંભળી વીરમતી બોલી કે તારો રાજા ક્ષત્રિય લાગતો નથી પણ કોઈ રાંડી રાંડનો હોય તેમ લાગે છે. તાકાત હોય તો લડવા આવે. તે સમાચાર દૂતે કહ્યા, એટલે હેમરથ રાજા યુદ્ધ કરવા આવ્યો. વીરમતીએ સુમતી મંત્રીને બોલાવી કહ્યું

કે, તમે હેમરથનો પરાભવ કરો! એ નામર્દ સાથે લડતાં મને શરમ આવે છે. મારી તાકાતની હજુ તેને ખબર નથી. સુમતી મંત્રીએ રાજમાતાના કહેવાથી યુદ્ધ કરી હેમરથને જીવતો પકડી પાંજરામાં નાખ્યો ને વીરમતી પાસે હાજર કર્યો.

વીરમતીએ હેમરથને કહ્યું કે હું તો રંડાછું પણ તું તો રાંડી રાંડનો પુત્ર નપુંસક છે. હવે પછી આવું ગાંડપણ કરતો નહિ. એમ કહી છોડી મુક્યો. હવે એક વખત આભાપુરીમાં શિવકુંવર નામે નટ પોતાના પાંચસો સાથીદાર સાથે નાટક કરવા આવ્યો. તેણે રાજમાતાને કહ્યું કે મારી પુત્રી શીવમાળા નૃત્ય કળામાં સર્વે શ્રેષ્ઠ છે. આપની કીર્તિ સાંભળી અમે ગામે ગામ નાટક કરતા અત્રે આવ્યા છીએ. આપ આજ્ઞા આપો તો અમે નાટક શરૂ કરીએ.

વીરમતીની આજ્ઞાથી નાટક શરૂ થયું. શીવમાળા વાંસપર ચઢી નૃત્ય કરવા લાગી. નૃત્ય પુરું થતાં સર્વે નટો ચંદ્રરાજાના ગુણ ગાવા લાગ્યા. વીરમતીને નાટક તો ગમ્યું પણ ચંદ્રના ગુણ ગવાતા ન ગમવાથી દાન આપતી નથી. જ્યાં સુધી રાજમાતા દાન ન આપે ત્યાં સુધી બીજો

કોણ આપી શકે? ગુણાવલી કુકડાનું પાંજરૂ પાસે રાખી નાટક જોવા બેઠી હતી. બે ત્રણ વખત નાટક કરી આભાપુરીના તથા ચંદ્રરાજાના ગુણ ગાયા પણ રાજમાતાએ દાન ન આપવાથી છેવટે કુકડાએ નટ લોકો બીજે આભાપુરીને નિંદે નહિ માટે સોનાનું કચોળું પાંજરામાંથી નીચે ફેકયું.

શિવકુમાર કચોળું લઈ ચંદ્ર રાજાના ગુણગાતો નાચવા લાગ્યો. એટલે લોકોએ પણ દાન દેવા માંડયું. થોડીવારમાં તો દાનનો વરસાદ વરસી ગયો. લોકો વેરાણા. વીરમતી પણ પોતાના આવાસે આવી. તેણે મંત્રીને બોલાવી પૂછયું કે, મારી પહેલાં કોણે દાન આપ્યું? મંત્રીએ કહ્યું આપનારે આપ્યું પણ યશ તો આપણો જ ગવાણો છેને! વીરમતીએ કહ્યું કે, પ્રજાએ વિવેક તો રાખવો જોઇએ ને? એમ કહી બીજે દિવસે પણ નટોને નાટક કરવાનું કહ્યું અને કોણ મારી પહેલાં દાન આપે છે? તે શોધી કાઢી તેને શિક્ષા કરવાનું વિચાર્યું.

નાટક પુરૂં થયું પણ વીરમતીએ દાન આપ્યું નહિ તેથી કુકડાએ બીજું સોનાનું કચોળું ફેકયું. તે વીરમતીએ જોઈ લીધું. લોકો દાન આપી ગયા

પછી વીરમતી તલવાર લઇ ગુણાવલીના આવાસે જઇ પાંજરૂં હાથમાં પકડી કુકડાને ક્રોધથી કહેવા લાગી, દુષ્ટ! તને જીવતો રાખ્યો એટલે હું ચંદ્ર છું તેમ જણાવવા દાન આપે છે. આજે તું બચે તેમ નથી.

આ સાંભળી ગુણાવલી વચ્ચે પડી વિનવવા લાગી, માતાજી! એને શું દાનની ખબર પડે? પાણી પીતાં કચોળું પડી ગયું, નટે જાણ્યું કે મને દાન મળ્યું. ફરી ભૂલ નહિ થાય એમ કહી કુકડાને બચાવ્યો. ત્રીજે દિવસે પણ નટોએ નાટક કર્યું. ત્યારે કુકડે શિવમાળાને કહ્યું કે તું પક્ષીની ભાષા જાણે છે તેથી કહું છું કે હું ચંદ્ર રાજા છું. મને વીરમતીએ કુકડો બનાવ્યો છે. આ નાટકમાં તું વીરમતીને પ્રસન્ન કરી મને ભેટમાં માગી લેજે. પૈસાનો લોભ કરીશ નહિ. હું તારી પાસે આવીશ પછી મારી બધી આપવીતી કહીશ.

કુકડાના કહેવા મુજબ શીવમાળાએ પોતાના પિતાને કહ્યું. તેથી નાટક પુરૂ થતાં નટે વીરમતીના ગુણ ગાયા ને નટને વરદાન માગવા કહ્યું. નટ બોલ્યો કે મારી પુત્રીને રમવા આ પાંજરામાં રહેલ

કુકડો આપો. વીરમતી બોલી કે આ કુકડા વહુને રમવા માટે છે. બીજું જે જુવે તે માગો. ત્યારે નટ બોલ્યો કે કુકડો આપતાં અચકાવો છો તો બીજુ શું આપવાનાં છો? અભિમાની વીરમતીએ કુકડો લેવા મંત્રીને ગુણાવલી પાસે મોકલ્યો. મંત્રી કુકડાની માગણી કરી બોલ્યો કે, રાણી સાહેબ! આમાં બહુ વિચાર ન કરો. કારણ કે કુકડો જીવતો હશે તો કોઇ દિવસ ચંદ્ર રાજા થશે અને અહિં રહેવાથી તો વીરમતીના હાથે તેનું મૃત્યું થશે તો ભવિષ્યનો લાભ ખોઇ બેસશો.

ગુણાવલીને મંત્રીની વાત ગળે ઉતરી એટલે પાંજરું મંત્રીને આપ્યું. કુકડાને કહ્યું કે, હે નાથ! આપને હું છુટો પાડવા માગતી નથી પણ ભવિષ્યમાં આપ રાજા થવાના છો તેથી ના છુટકે છુટા પાડું છું. મારા અપરાધની માફી માગું છું. કુકડાએ પગ-વતી અક્ષર લખી કહ્યું કે મારી ફીકર કરીશ નહિ મને છુટો કરવામાં જ સાર છે. હું જીવતો હોઇશ તો તને મળ્યા વિના નહિ રહું. પછી બન્ને છુટા પડ્યાં. મંત્રીએ વીરમતીના કહેવાથી પાંજરૂ નટને આપ્યું. હવે શીવમાળા ને શીવકુમાર કુકડાને રાજા કહી સારી ભક્તિ કરતાં હતાં.

ગુણાવલીએ પણ ચંદ્રના ભક્ત સામંત રાજાઓને કુકડા થયેલ ચંદ્રરાજા નટને સોંપેલ છે. તેની ખબર લેશો તેમ કહેવડાવ્યું. તે સામંત પણ કુર્કટરાજની રક્ષા માટે સૈનિક બની ગયો. ગામે ગામ નાટક કરતાં જે વસ્તુ ભેટ મળતી તે સૌ પ્રથમ કુર્કટરાજને ધરાતી, પછી જ બધા ઉપયોગમાં લેતા.

વીરમતીએ ગુણાવલીને કહ્યું કે, આપણા બન્ને વચ્ચેની આડ ખીલી ગઈ હવે તે કુકડા બનેલા ચંદ્રને મારે જોવો પણ નહિ, દાઝવું નહિ. ગુણાવલીએ પણ સાસુની બીકથી હાજીહા કર્યું. નાટકીઆઓ ફરતાં ફરતા પૃથ્વીભૂષણ નગરે આવ્યા. ત્યાંના રાજા અરિમર્દને કુર્કટને ચંદ્રરાજા જાણી ઘણી ભક્તિ કરી. ભેટો આપી ત્યાંથી સિંહલદ્વીપ આવ્યા. ત્યાંના રાજાએ કુકડાની માગણી કરતાં નાટકીઆઓએ ના પાડવાથી લડાઇ થતાં ચંદ્રરાજાના પ્રતાપે નટો જીત્યા. તેથી દંડ લઇ આગળ ચાલ્યા. ત્યાં પોતનપુર નગરમાં જયસિંહ રાજાને સુબુદ્ધિ નામે મંત્રીને લીલાવતી નામે પુત્રી હતી. તેના લગ્ન લીલાધરશ્રેષ્ટિ સાથે થયા હતાં.

કોઇ ભીખારીએ દાન ન મળવાથી લીલાધરને

ટાણો માર્યો કે આપને કમાણી નથી ને ગર્વ શાનો કરો છો? તેથી લીલાધરે પરદેશ જવા મુહૂર્ત જોવડાવ્યું. જોશીએ કહ્યું કે, સવારે કુકડો બોલે ને પ્રયાણ થાય તો ઘણું ધન મળે. તે મુહૂર્ત સાધવા છ મહીના થતાં નટ લોકો પોતનપુર આવ્યા. નટે કુર્કટરાજને કહ્યું કે, અહિંનો મંત્રી કુકડાનો દુશ્મન છે માટે સવારે અવાજ કરશો નહિ પણ સવાર પડતાં રોજનાં અભ્યાસથી કુર્કટરાજે કુકરે કુક અવાજ કર્યો એટલે મુહૂર્ત સધાયું જાણી લીલાધર ઘોડી પલાણી પરદેશ ઉપડી ગયો.

લીલાવતીએ પોતાના પિતા મંત્રીને કહ્યું કે, તમારો જમાઇ કુકડાનો અવાજ સાંભળી પરદેશ ચાલ્યા ગયા તેના વિરહથી હું બહુ દુઃખી થઈ છું. માટે તે દુશ્મન કુકડો લાવી મને સોંપો. મંત્રીએ નટોને કહ્યું કે, તમારો કુકડો મારી પુત્રીને થોડી વાર રમવા આપો તેના બદલામાં મારો પુત્ર તમને સોંપું છું. તમારો કુકડો તમને પાછો મળે પછીજ મને પુત્ર પાછો સોંપજો. એમ કહી પાંજરૂ લઈ મંત્રી લીલાવતી પાસે આવ્યો.

કુર્કટરાજને જોતાં જ લીલાવતીનો દ્વેષ દૂર થઈ ગયો. તેણી બોલી કે, તમારા અવાજથી મારો પતિ વિદેશ ગયો ને તમે મને ઉદ્વેગ–દુઃખમાં પાડી. પૂર્વભવે કોઇના વિરહ પાડેલા તેથી તો પક્ષી થવું પડયું અને પાછા આ ભવમાં પણ આવા વિરહ પાડો છો? તો પરભવમાં તમારી કઈ ગતિ થશે? આ સાંભળી કુકડો મૂર્છા પામ્યો. લીલાવતી ચમકીને બોલી કે, શું મારૂં વચન તમને આકરૂં લાગ્યું? અથવા મારા કરતાં તમે વધુ વિરહી છો? કુકડાએ નખથી લખી પોતાની આત્મકથા જણાવી કહ્યું–

તારો પતિ તો કાલે ઘેર આવશે પણ મારી ગુણાવલીનું શું થશે? લીલાવતી કુકડાની વાત સાંભળી બોલી કે, આજથી તું મારો ભાઈ ને હું તારી બેન છું. જ્યારે તું કુકડો મટી પુરૂષ થાય ત્યારે જરૂર મને યાદ કરજે. એમ કહી કુકડો મંત્રીને પાછો સોંપ્યો. મંત્રીએ પાંજરા સાથે કુકડો નટને આપી પોતાના પુત્રને લઇને ઘેર ગયો.

નટલોકો પોતનપુરથી ફરતા ફરતા આભાપુરી છોડયા પછી નવ વર્ષે વિમળાપુરી આવ્યા. કુર્કટ-

રાજ વિમળાપુરીમાં આંબો સ્થિર થયો હતો તે બગીચો તથા કનકરથનો ઉતારો ને પ્રેમલા સાથે હસ્તમેળાપ થએલ તે સ્થળ જોઈ નાચી ઉઠયો. નટ લોકો રાજસભામાં આવી રાજાને નમી તેમની આજ્ઞા મેળવી નાટક કરવા લાગ્યા. રાજાએ પ્રેમલાને નાટક જોવા તેડાવી. શીવમાળા સુંદર વસ્ત્રો પહેરી વાંસ નીચે ઊભી રહી પછી પાંજરામાં રહેલ કુર્કુટ-રાજને નમીને વાંસ પર ચઢી નૃત્ય કરવા માંડયું.

લોકો એકીટસે જોયા કરતા હતા પણ પ્રેમલાનું ચિત્ત પાંજરામાં રહેલ કુર્કુટ ઉપર જ હતું. કુર્કુટ પ્રેમલાને જોતાં જ ઓળખી ગયો અને કુદાકુદ કરવા માંડયો. રાજા અને પ્રજાએ નાટક પુરુ થતાં અનેક ભેટો આપી તે બધી ભેટો શીવમાળાએ કુર્કુટ-રાજની સમક્ષ ધરી પગે લાગી ત્યારે મકરધ્વજ રાજાએ પૂછયું કે, જેનું તમે આટલું બધું સન્માન સાચવો છો તે કુર્કુટ કોણ છે? શિવમાળાએ કહ્યું કે તે અમારો રાજા છે.

આભાપુરીમાં રાજમાતા તરફથી અમોને ભેટ મળ્યો છે. એના આવ્યા પછી અમને ઘણી ઋદ્ધિ-સિદ્ધિ મળી છે. તે અમારો નાથ છે. અમે તેના

સેવકો છીએ. મકરધ્વજે પાંજરામાંથી કુકડાને કાઢી હાથમાં લીધો. રાજા ને કુકડો બન્ને હર્ષિત થયા. પછી પ્રેમલાના હાથમાં આપ્યો એટલે કુકડો નાચવા લાગ્યો. પ્રેમલા પણ તેને ભેટી પડી. સોળવર્ષનો પતિ વિયોગ પતિના ઘરનો કુકડો મળતાં ઓછો થતો હોય તેમ લાગ્યું.

રાજાએ કહ્યું કે, નટરાજ ! તમો અહિં વધુ રહો એમ ઇચ્છીએ છીએ. નટ બોલ્યો તમારો ભાવ છે તો ચોમાસું અહિં ગાળીશું. રાજા બોલ્યો સુખેથી રહો, પણ આ કુકડો પ્રેમીલાના પતિના ઘરનો છે તેથી ચાર માસ પુરતો તેને આપશો તો સોળ વર્ષથી પતિના વિરહે ઝંખતી પ્રેમીલા તેને રમાડી કંઈક સંતોષ પામશે. નટ બોલ્યો કે, તેનો જવાબ કાલે વિચાર કરીને આપીશ. નટે શીવ-માળાને રાજાની માગણી જણાવી.

આ સાંભળી કુકડો તો હર્ષ પામ્યો પણ શીવ-માળા નાખુશ થઈ. તેથી કુકડાએ શિવમાળાને જણાવ્યું કે પ્રેમલા મારી પરણેતર સ્ત્રી છે. તેના કારણે જ મારી વિમાતાએ મને કુકડો બનાવ્યો છે મારો અને તેનો ફરી સંયોગ તમારા લીધે જ

થયો છે એટલે તમારો ઉપકાર વિસરૂં તેમ નથી. હવે સોળ વર્ષના વિયોગ પછી મારી ઇચ્છા તેની પાસે જવાની થઇ છે. તો રાજી ખુશીથી મને જવા દો.

શીવમાળા બોલી કે, તમારી ઈચ્છા છે તો ચાર માસ માટે પ્રેમલા પાસે રહો. પછી શિવકુમારે કુર્કટનું પાંજરૂ રાજાને અર્પણ કર્યું ને બોલ્યો કે હે રાજન્! આ સામાન્ય પક્ષી નથી પણ અમારો રાજા છે. તમારૂ ને તેમનું કલ્યાણ થાઓ. રાજાએ કુર્કટ પ્રેમલાને સોંપ્યો.

પ્રેમલા કુર્કટને કહે છે કે હે કુર્કટ! તું આભાના રાજકુટુંબમાં રહ્યો છે. મારો પતિ ચંદ્રકુમાર છે. તારો રાજા એવો નિર્દય છે કે મને પરણ્યા સોળ વર્ષ થયા પણ તે યાદ કરતો નથી કે કાગળ પણ લખતો નથી. તેં રાજકુળમાં કોઇ વાર મારી કથા રાજા પાસેથી સાંભળી છે? દુનિયામાં સ્નેહ કરવો સોહિલો છે પણ નિર્વહેવો બહુ કઠણ છે. તને દેખી જાણે હું મારા પતિને મળતી હોઉં તેમ થાય છે. આ પ્રમાણે કુકડા સાથે વિનોદ કરે છે.

ચંદ્રરાજાને ઉપાલંભ આપે છે. તેજ ચંદ્ર છે

એમ માની છાતી સરસો ચાંપે છે. શીવમાળા આવે ત્યારે તેની સાથે વાતોમાં વખત વિતાવે છે. એમ કરતાં ચાર મહીના પુરા થતાં પાસેની સિદ્ધાચલની તળેટીમાં પાંજરું લઇ યાત્રા કરવા ચાલી. કુર્કટ-રાજની પણ ભાવવૃદ્ધિ થઇ. પ્રેમલાની સાથે તેણે પણ ઋષભદેવ પ્રભુને જુહાર્યા. રાયણની પ્રદક્ષિણા કરી તેના ફળને મોંઢામાં નાંખી પોતાના જીવનને ધન્ય બનાવ્યું.

પ્રેમલા ભગવંતને જુહારી કુર્કટરાજને લઇ સુરજકુંડ પાસે આવી. કુંડના કાંઠે બેસી કુર્કટને ખોળામાં લઈ ગિરિરાજનાં દશ્યો બતાવતી હતી, ત્યારે કુર્કટને વૈરાગ્ય થવાથી આખું જગત સ્વાર્થ-મય લાગ્યું તેથી આત્મઘાત કરવાનો વિચાર કરી પ્રેમલાના હાથમાંથી છટકી કુંડમાં પડયો. પ્રેમલા તેને પકડવા કુંડમાં પડી. વીરમતીએ કુકડાના ગળામાં બાંધેલો દોરો જીર્ણ થવાથી પ્રેમલાના ખેંચવાથી તુટી જતાં કુકડો મટી ચંદ્ર રાજા થઈ ગયો.

પ્રેમલાની સખીઓ પણ કુંડમાં પડી હતી તે બધી ચંદ્રકુમારને જોઈ લજ્જીત બની બોલી ઉઠી અહોહો ! આ તો ચંદ્રરાજા ! અધિષ્ઠાયિક દેવોએ

ચંદ્રરાજા ઉપર પુષ્પની વૃષ્ટિ કરી ચંદ્ર રાજાથી તીર્થનો મહિમા વધ્યો અને સુરજ કુંડનું પાણી મહિમાવાળું બન્યું. પ્રેમલા અને ચંદ્રકુમાર ફરી સૂરજકુંડમાં સ્નાન કરી ઋષભદેવ ભગવંતની પૂજા–ભક્તિ કરી પોતાને જીવીત આપનાર તીર્થ ભક્તિમાં હંમેશ તલ્લિન થયો. રાજાએ બન્નેનો ભવ્ય નગર પ્રવેશ કરાવ્યો. છુટે હાથે દાન આપ્યું. ઠેર ઠેર વિમળાપુરીમાં આનંદ મંગળ ઉજવાયો. પ્રેમલાનું કલંક ઉતર્યું. ચંદ્રકુમારને પ્રેમલાની જોડી દુનિયામાં અજોડ પ્રીતિપાત્ર મનાઇ. જેવું દુઃખ ભોગવ્યું તેવુ સુખ ભોગવ્યું.

મકરધ્વજ રાજાએ કનકધ્વજના સર્વ પરિવારને બોલાવી ફાંસીની સજા કરી, પણ પ્રેમલા તથા ચંદ્રકુમારે અપકારી પર ઉપકાર કરવો જોઇએ તેઓ તો નિમિત્તમાત્ર છે. અમારૂં કર્મ અમારે ભોગવવું પડયું છે એમ કહી છોડાવ્યા. પ્રેમલાએ સભા સમક્ષ ચંદ્રકુમારના પગ ધોઈ તેનું પાણી કનકધ્વજ પર છાંટયું. તેથી તેનો કોઢ રોગ ગયો પછી સર્વે પોત પોતાને સ્થાને વિદાય થઈ ગયાં

એક વખતે ચંદ્ર રાજાએ ગુણાવલીને આપેલી

કબુલાત યાદ આવતાં કાગળમાં હું થોડા વખતમાં ત્યાં આવીશ એમ લખી તે પત્ર આભાપુરી કાસદ સાથે મોકલ્યો. ગુણાવલી તે પત્ર વાંચી આનંદ પામી. તેણે આ વાત ગુપ્ત રાખવા છતાં વીરમતીના જાણવામાં આવ્યું કે ચંદ્રરાજા કુકડો મટી મનુષ્ય થયો છે અને રાજ્ય લેવા આવવાનો છે. તેથી તેને મારવા પોતાના મંત્રીત દેવોને બોલાવી તેઓની સાથે વિમળાપુરી ગઈ પણ ચંદ્રરાજાના અધિષ્ઠાયિક દેવો બળવાન હોવાથી અને ચંદ્રકુમારનું પુણ્ય ચઢતું હોવાના કારણે મારવા આવેલી વીરમતીનો જ ચોટલો પકડી શીલા સાથે અફાળી મારી નાખી. તે મરીને છઠ્ઠી નરકે ગઈ, પછી ચંદ્રરાજાનો વિમળાપુરીમાં ઘણો સત્કાર થયો.

વીરમતીના મૃત્યુના સમાચાર મળતાં ગુણાવલી તથા સુમતિ મંત્રી હર્ષિત થયા. ગુણાવલીએ ચંદ્ર રાજાને તેડાવવા પત્ર લખી મોકલવા વિચાર કરતાં એક પોપટે આવી કહ્યું કે તમારો પત્ર હું ચંદ્રરાજાને હાથોહાથ પહોંચાડીશ. પત્ર લખી પોપટને આપ્યો.

પોપટે ચંદ્રરાજાને પત્ર આપ્યો. તેમાં અક્ષરો આંસુથી ભીંજાએલા હોવાથી બરાબર વંચાયા નહિ. છતા તેનો ભાવ સમજી ચંદ્રકુમારે આભાપુરી

જવાનો નિર્ણય કર્યો. પ્રેમલાને બધી વાત સમજાવતાં તે પણ આભાપુરી જવા તૈયાર થઈ. પછી મકરધ્વજ રાજાની અનુમતી મેળવી. પ્રેમલાને રાજાએ ઘણો દાયજો આપ્યો. અનુક્રમે પ્રયાણ કરતાં ચંદ્રરાજા પોતનપુર આવ્યા. તે જ દિવસે લીલાવતીનો પતિ લીલાધર પરદેશથી આવ્યો હતો તેથી લીલાવતીએ પતિની આજ્ઞા લઈ ચંદ્રરાજાને ભોજન માટે પોતાના ઘેર આમંત્રણ આપ્યું. બ્હેને ભાઇને ભાવપૂર્વક જમાડયો. ચંદ્રરાજાએ પણ લીલાવતીને પોતાની બ્હેન માની ખૂબ દાયજો આપ્યો.

રાત્રે તંબુમાં સુતેલ ચંદ્રરાજાએ કોઈ સ્ત્રીનાં રડવાનો અવાજ સાંભળી ત્યાં જઇ તે બાઇને રડવાનું કારણ પૂછતાં તેણી બોલી કે, હું વિદ્યાધરની પુત્રી છું. મારો પતિ વિના વાંકે મને મૂકી ચાલ્યો ગયો છે. હું અબળા મારો જન્મારો કઈ રીતે કાઢીશ? તેને જો મારા પર પ્રેમ નથી તો મારે તેના પર પ્રેમ રાખવાથી શું? તમે મારૂં રૂદન સાંભળી મારી વારે થયા છો તો હે સત્પુરૂષ! હું તમારી સ્ત્રી થવા ઇચ્છું છું.

ચંદ્રરાજા બોલ્યો કે બાઇ! આવું અણઘટતું

ન બોલ! તું ગમે તેવી તોય પરસ્ત્રી હોવાથી મારે ન ખપે. તારી ઇચ્છા હોય તો તારા પતિને શોધી તેની પાસે પહોંચાડું. તેણી બોલી કે તે તો, મને સંઘરે તેમ નથી અને તમે પણ ના પાડશો તો હું સ્ત્રી હત્યાનું પાપ તમને ચોંટાડીશ. ચંદ્રરાજા બોલ્યો કે સ્ત્રી હત્યાના પાપ કરતાં દુરાચાર કરવો તે મહાન પાપ છે. તું મારી બ્હેન ને હું તારો ભાઈ છું. તેથી ભાઇ તરીકે તું કહે તે કરવા તૈયાર છું.

તે સ્ત્રી પરીક્ષા કરવા આવેલ દેવ હોવાથી ચંદ્રરાજા પર પ્રસન્ન થઇ કહ્યું કે, ઈંદ્રે ભર સભામાં તમારા શીલના ગુણ ગાયા. તેમાં શંકા ઉપજવાથી મેં આવી તમારી આ રીતે પરીક્ષા કરી છે. એમ કહી દેવ પોતાને સ્થાને ગયો ને રાજા પણ તંબુમાં આવી નિરાંતે સુતો. ચંદ્રરાજા આભાપુરી પહોંચતા સુધીમાં ગામેગામ પોતાનો પ્રભાવ જમાવી રાજાઓને વશ કરતો અને તેઓએ આપેલી સાતસો કન્યાઓને પરણી છેક આભાપુરી નજીક આવી પહોંચ્યો.

સુમતિમંત્રીને સમાચાર મળવાથી ઘણાજ મહોત્સવપૂર્વક ચંદ્રરાજાનો નગર પ્રવેશ કરાવ્યો.

ગુણાવલીના હર્ષનો તો પારજ ન રહ્યો. ચંદ્રરાજાએ રાજ્યની લગામ હાથમાં લઈ પ્રજાને સુખી કરી, ગુણાવલીને સાતસો રાણીનું પટરાણી પદ આપ્યું. સાતસે સ્ત્રીઓ સગી બ્હેનો હોય તેમ હળીમળીને રહેવા લાગી. ચંદ્રકુમાર ને ગુણાવલી એકબીજાના ગુણદોષ ગાઇ વીનોદ કરવા લાગ્યા અને મનના ઉભરા શમાવવા લાગ્યા. પ્રેમલા અને ગુણાવલી સગી બ્હેનોની માફક પરસ્પર હેત રાખી રહેતી હતી.

વખત જતાં ગુણાવલીએ પુત્રનો જન્મ આપ્યો તેનું ગુણશેખર નામ પડયું અને પ્રેમલાએ પણ પુત્રનો જન્મ આપ્યો તેનું મણિશેખર નામ પાડયું. આ બન્ને ભાઇઓ ધાવમાતાથી ઉછેરાતા મ્હોટા થવા લાગ્યા. ચંદ્રરાજા રાજરાજેશ્વર થવા છતાં વિમળાચલને ઘડી પણ હૃદયથી વિસારતો ન હતો. તેણે વિમળાચલમાં અનેક જિનપ્રતિમાઓ ભરાવી તેની પ્રતિષ્ઠા કરાવી.

એક વખતે વનપાલકે આવી ચંદ્ર રાજાને વધામણી આપી કે, હે રાજન્! ઉદ્યાનમાં ભગવાન મુનિસુવ્રતસ્વામિ પધાર્યા છે. તે સાંભળી ચંદ્રરાજાએ વનપાલકને તેની સાત પેઢી ચાલે તેટલું ઇનામ

આપ્યું. પછી રાજાએ ચતુરંગી સેના તૈયાર કરી આખા નગરને ધજા પતાકાથી શણગારી સર્વ પરિવાર સાથે પ્રભુને વંદન કરવા નિકળ્યો. દૂરથી સમવસરણ જોતાં જ નમી પડયો. પછી સમવસરણમાં પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કરી દેશના સાંભળવા યોગ્ય સ્થળે પરિવાર સાથે બેઠો.

પ્રભુએ નમો તિથ્થસ્સ કહી ધર્મની વિસ્તૃત દેશના આપી. દેશના પૂર્ણ થતાં ચંદ્ર રાજાએ પ્રભુને પોતાના પૂર્વભવનું સ્વરૂપ પૂછયું કે પ્રભુ! ક્યા કર્મના યોગે હું કુકડો થયો? નટોની સાથે ભમવું પડયું? પ્રેમલાને વિષકન્યાનું આળ આવ્યું ને કનકધ્વજ કોઢીઓ થયો? આ બધું વૃત્તાંત આપ સર્વજ્ઞ સિવાય કોઈ કહી શકે તેમ નથી.

ભગવાને કહ્યું કે, આ જગતમાં રાગ–દ્વેષ, સુખ-દુઃખ એ બધું પૂર્વભવે જે જે કર્મ બાંધ્યાં હોય તેના ફળરૂપે આ ભવમાં ઉદયમાં આવે છે. તમારા બધાના પૂર્વભવો કહું તે બરાબર ધ્યાન દઇને સાંભળો.

વિદર્ભદેશમાં તિલકાપુરીનગરીમાં મદનભ્રમ નામે રાજાને કનકમાળા નામે રાણી હતી તે રાણીથી તિલકમંજરી નામે પુત્રી બહુ રૂપાળી ને બુદ્ધિશાળી

થઈ હતી પણ તેને જૈનધર્મ ઉપર દ્વેષ હતો. તે રાજાને સુબુદ્ધિ નામે મંત્રી હતો તેને રૂપમતી નામે પુત્રી હતી. રૂપમતીને જૈનધર્મ ઉપર બહુ રાગ હતો છતાં તેને તિલકમંજરી સાથે સખીપણાનો મેળ હતો. તેથી બાળપણથી જ બન્નેએ એકજ વરને વરવાનો નિશ્ચય કર્યો હતો.

પ્રધાન પુત્રી રૂપમતીને ત્યાં એક વખતે સાધ્વીજી મહારાજ વહોરવા આવ્યાં. રૂપમતી તે વખતે મોતીની જાળ પરોવતી હતી. તિલકમંજરી તેની પાસે બેઠી હતી. સાધ્વીજીને વહોરાવા રૂપમતી ઊઠી. તિલકમંજરીને સાધ્વી ઉપર દ્વેષ હોવાથી સાધ્વીની સંગત છોડાવવા છાની રીતે સાધ્વીના કપડે મોતીની જાળ બાંધી દીધી. સાધ્વીજી મહારાજ વહોરીને ઉપાશ્રયે ગયાં. રૂપમતી જાળ શોધવા લાગી પણ જડી નહિ. તેથી તિલકમંજરીને કહ્યું કે, મારી મોતીની જાળ લીધી હોય તો આપ. આવી મશ્કરી ન કર.

તેણીએ કહ્યું કે, મેં તારી જાળ લીધી નથી. ત્યારે રૂપમતીએ કહ્યું કે અહિં તારા સિવાય બીજું કોણ આવ્યું છે કે તે લે? એટલે તિલકમંજરીએ

કહ્યું કે તું જેના વખાણ કરે છે તે સાધ્વીએ જ તારી જાળ લીધી છે. તું વહોરાવવા માટે ઘી લેવા ગઈ એટલે તેણે ઉડાવી લીધી છે.

રૂપમતીએ કહ્યું કે આવું ખોટું આળ ન દે. અમારા સાધ્વી મહારાજ કે સાધું મહારાજ કોઇની રત્ન જેવી ચીજને પણ અડે નહિં તેવાં ત્યાગી છે. તિલકમંજરીએ કહ્યું કે, જોયા એમના ત્યાગ! મફતનું ખાવું ને તાગડધિન્ના કરવા તે તેમનું કામ છે. રૂપમતીએ કહ્યું કે, તું નાહક નિંદા કરી કર્મ ન બાંધ ને મારી જાળ આપી દે. તેણીએ કહ્યું કે, તારી જાળ સાધ્વી લઈ ગયાં છે ચાલ તને પ્રત્યક્ષ કરાવું. એમ કહી તિલકમંજરી રૂપમતીને લઈ સાધ્વી પાસે ઉપાશ્રયે આવીને વાપરવા બેસતાં સાધ્વીજીને કહ્યું—

મહારાજ! મારી સખીની જાળ આપો. તમે વહોરતાં જાવ છો ને સાથે ચોરી પણ કરતાં જાઓ છો? સાધ્વીએ કહ્યું જુઓ! આ રહ્યા પાતરાં ને કપડા મેં જાળ લીધી નથી. અમારે શા સારું જાળ લેવી જોઈએ. એટલે તુર્તજ તિલકમંજરીએ જ્યાં જાળ બાંધી હતી તે છેડો છોડી જાળ કાઢી બતાવી સાધ્વીજી મહારાજ ભોંઠાં પડયાં.

રૂપમતીએ કહ્યું કે, તિલકમંજરી ! આ બધાં તારાં જ કર્તવ્ય છે. સાધ્વીજી મહારાજ પર તેં જ ખોટો આરોપ મૂકયો છે. તિલકમંજરીએ કહ્યું કે, તારી સાધ્વીને બચાવવા તું મને શા માટે વગોવે છે? તે સાધ્વી કેમ કંઇ બોલતાં નથી. તેમના કપડાંથી જ પ્રત્યક્ષ તને કાઢી બતાવી છતાં તું મને કહે છે. કારણ કે તને તેના પર અંધ રાગ છે.

રૂપમતિએ કહ્યું કે, આ વાત મારા માન્યામાં કોઈ રીતે આવતી નથી. હસતાં બાંધેલાં કર્મ રોતાં પણ છુટશે નહિ માટે ઠઠ્ઠામશ્કરી જવા દે. એમ કહી બન્ને ગયાં પણ સાધ્વીજીને આળ સહન ન થવાથી ગળે ફાંસો ખાધો. ત્યારે પડોશમાં રહેલ સુરસુંદરી નામે કોઈ બાઈ જોઈ જતાં તેમને આપઘાત કરતાં અટકાવ્યાં પછી તો સાધ્વીજી મહારાજ પણ શાંત થયાંને પોતાને આપઘાત કરવા બદલ દુઃખ થયું.

આ વાત સમય જતાં વિસારે પડી પણ બન્નેનાં મન જુદાં થઈ ગયાં. છતાં બાળપણનાં સખીપણા તો કાયમ રહ્યાં અને એક બીજા વચનબદ્ધ હોવાથી એક જ વરને વરવા માટે મક્કમ હતાં.

એક વખત વિરાટના રાજા સુરસેન તરફથી તિલકમંજરીનું માગું આવ્યું. રાજાએ કહ્યું કે મને તિલકમંજરી આપવામાં કાંઈ વાંધો નથી પણ પ્રધાન પુત્રી પણ તેની સાથે જ પરણવાના નિશ્ચયવાળી છે. તેથી તેને પૂછીને જવાબ આપીશ. રૂપમતીએ ઇચ્છા દર્શાવતાં રાજાએ બન્નેનાં લગ્ન સુરસેન રાજા સાથે કર્યાં. બન્ને સખીઓ એક જ પતિને વરીને સાથે રહેવા લાગ્યાં, પણ શોક્ય પણાથી એક બીજાનાં છીદ્રો જોવા લાગ્યાં. પ્રથમથી મન ભેદ તો થયો હતો ને વળી શોકયપણું થયું એટલે હવે નજીવા કારણે પણ રોજ લઢવાડ થયા કરતી.

એક વખત રાજાને કોઇએ સુંદર કાબર ભેટ આપી. આ કાબર રાજાએ તિલકમંજરીને આપી તિલકમંજરી કાબરને રોજ રમાડતી ને તેની સાથે મીઠા સ્વરે વાત કરતી, રૂપમતીને કાબર સાથે વાત સરખી પણ કરવા દેતી નહિ. આથી રૂપમતીએ પોતાના પિતા પાસે તેના જેવી કાબર મંગાવી.

પ્રધાને કાબર ન મળતાં કોશી નામનું પક્ષી મોકલ્યું. હવે રૂપમતિ કોશીને રમાડે છે. ને

તિલકમંજરી કાબરને રમાડે છે. એક વખત બન્ને રાણીઓને પરસ્પર વાદ થયો. કાબર ને કોશી-માંથી કોણ સારુ બોલી શકે છે? તે વાદે કાબરે સુંદર અવાજથી મીઠાં શબ્દો કર્યા પણ કોશી એક પણ શબ્દ બોલી શકી નહિ તેથી તિલક-મંજરીએ રૂપમતિને કહ્યું કે, તારી કોશી મારી કાબરના હજારમાં ભાગે પણ આવે તેમ નથી.

રૂપમતિ ડાહી અને શાણી હોવા છતાં ભાન ભુલીને તેણે તેને વારી પણ તે બીલકુલ માની નહિ. પરિણામે કોશી તરફડી મરણ પામી. મૃત્યુ પામતાં દાસીએ નવકાર સંભળાવ્યો અને રૂપ-મતિને આવું કામ કરવા બદલ ખુબ ઠપકો આપ્યો પછી રૂપમતિને પણ ઘણો પશ્ચાતાપ થયો. તિલકમંજરીએ રૂપમતિના આ કૃત્યને જાહેર કરી તેને તથા તેના જૈનધર્મને ખૂબ વગોવ્યો.

રૂપમતિએ કોશીને મારતાં શું માર્યું પણ પછી તે ખુબ પસ્તાઈ. હવે પછી તેણે તિલકમંજરીની સરખાઈ કરવાનું છોડી દીધું અને ખૂબ ધીર સ્વભાવ કેળવી તેણે ઘણું સુકૃત ઉપાર્જન કર્યું.

હે રાજન્ ! તે કોશી મરીને વીરમતી થઇ, રૂપમતિ તે તું ચંદ રાજા થયો, તિલકમંજરી તે પ્રેમલા લચ્છી થઇ, સાધ્વીને ફાંસો ખાતાં અટકાવનાર સુરસુંદરી તે ગુણાવલી થઈ, ગળે ફાંસો ખાવા તૈયાર થએલ સાધ્વી કનકધ્વજ થયો. કોશીનો રક્ષક તે સુમતિ મંત્રી થયો. કાબરનો રક્ષક તે હિંસક મંત્રી થયો. તિલકમંજરી અને રૂપમતિનો સ્વામી શૂરસેન રાજા તે શિવકુમાર નટ થયો. રૂપમતિની દાસી તે શીવમાળા થઇ અને કાબરનો જીવ તે કપીલા ધાવ માતા બની.

રાજન્ ! કોશીની પાંખો તેં ઉખેડી નાખી હતી તેથી વીરમતિએ આ ભવમાં તને પંખી બનાવી વેર લીધું. તિલકમંજરીએ પૂર્વભવે સાધ્વીને ખોટું આળ આપ્યું હતું તેથી આ ભવે સાધ્વીજીનો જીવ કનકધ્વજ કુષ્ટી રૂપે થઈ પ્રેમલાલચ્છી બનેલ તેને વિષકન્યાનું આળ આપ્યું. પૂર્વભવે કોશીના રક્ષકનું રૂપમતિ આગળ કાંઈ ન ચાલ્યું તેમ આ ભવમાં ગુણાવલીનું વીરમતી આગળ રોયા સિવાય બીજું કાંઈ ન ચાલ્યું. મરતાં મરતાં કોશીને રૂપમતિની દાસીએ નિર્યામણા કરાવી

હતી તેથી કોશીમાંથી બનેલ વીરમતિએ દાસીમાંથી બનેલ શિવમાળાને કુકડો ભેટ આપ્યો.

આમ હે ચંદ્ર રાજા! આ પ્રમાણે તમારો પૂર્વ-ભવનો અધિકાર અને સંબંધ છે. અને તેથી આ ભવના પ્રેમ કે વૈરના સંબંધો આશ્ચર્યજનક નથી. દુનિયામાં બધે આજ પરંપરાનું સામ્રાજ્ય છે. આ પૂર્વભવના સંબંધો સાંભળી ચંદ્રરાજાને વૈરાગ્ય જાગ્યો. તેણે ગુણશેખરને આભાપુરીનો રાજા બનાવ્યો અને મણીશેખર વગેરે રાજકુમારોને બીજા બીજા રાજ્ય આપી ખુશી કર્યા.

ચંદ્રરાજાની સાથે ગુણાવલી પ્રેમલાલચ્છી, સુમતિ મંત્રી, શીવમાળા, શિવકુમાર અને સાતસો રાણીઓ દીક્ષા લેવા તૈયાર થઈ. દીક્ષાનો ઉત્સવ ગુણશેખરે બહુજ ધામધુમથી ઉજવ્યો અને તે બધાએ ભગવાન મુનિસુવ્રત પાસે દીક્ષા લીધી. ચંદ્રરાજા ચંદ્ર રાજર્ષિ બન્યા. વિહાર વખતે ગુણ-શેખર વગેરે સમગ્ર પ્રજાજનો આંખમાં આસુ સારતા રહ્યાં પણ ચંદ્રરાજર્ષિ વગેરે શત્રુ મિત્રમાં સમાન ભાવે બની આભાપુરી છોડી પૃથ્વી પર વિચરવા લાગ્યા.

ચંદ્રરાજર્ષિએ સ્થવિર ભગવંતો પાસેજ્ઞાનાભ્યાસ

કરી ગીતાર્થ બન્યા, તીવ્ર તપ આરંભી કર્મનાં પડળ દૂર કરી કેવળજ્ઞાન ઉપાર્જ્યું. ગુણાવલી વગેરે સાધ્વીઓએ પણ ગુરૂણીની આજ્ઞાને વહન કરી પોતાનાં જીવન અજવાળ્યાં. કેવળી ભગવંત ચંદ્રરાજર્ષિ અંતકાળ નજીક જાણી પોતાના ઉપકારક સિદ્ધાચળ તીર્થે આવી એક માસની સંલેખણા કરવાપૂર્વક સિદ્ધિ પદને વર્યા. સુમતિ સાધુ શિવ સાધુ તથા ગુણાવલી, પ્રેમલાલચ્છી વગેરે સાધ્વીજીઓ પણ કેવળજ્ઞાન પામી અનેક જીવોને પ્રતિબોધી મુક્તિને વર્યા. શિવમાળા વગેરે સાધ્વીઓ અનુત્તર વિમાને ઉત્પન્ન થયાં, ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈ મોક્ષે જશે.

[અનુસંધાન પાના ૨ નું ચાલુ]


૫૯ ૬૦ ઉપમિતિ ભવ પ્રપંચા થા ભા. ૧ ૨
૬૧ રતન સ્તવનાવળી
૬૨ ઉપદેશ સીત્તરી
૬૩ ...કૂટ નામાવલી
૬૭ જૈન મહાભારત
૬૮ જૈન ઈતિહાસ
૭૧ વસુદેવહિંડી ચરિત્ર
૭૨ સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૭૩ નવસ્મરણ મૂળ
૭૪ નવપદ મહાત્મ્ય
૭૫ લઘુક્ષેત્ર સમાસ સાર્થ
૭૭ સાધુસાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૮૧ નવકારના જાપની નોંધ
૮૨ તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૮૪ ૮૫ ૮૬ જૈન પ્રશ્નોત્તરી ભા. ૧ ૨ ૩
૮૭ બે પ્રતિક્રમણ અને પ્રકીર્ણ સંગ્રહ
૯૧ ૯૨ ચોસઠ પ્રકારી પૂજા સાર્થ ભા. ૧ ૨
૯૩ ૯૪ વિવિધ પૂજા સાર્થ ભા. ૧ ૨
૯૫ છંદ સ્તવના સજ્ઝાય સંગ્રહ
૯૬ જૈન ધર્મનો પરિચય
૯૭ આગમ સાર
૯૮ પ્રશમરતિ સાર્થ
૧૦૦ સામાયિક ચૈત્યવંદન તથા દેવચંદ્રજી ચોવીશી સાર્થ
૧૦૧ પારસમણિ
૧૦૨ શાન્ત સુધારસ સાર્થ
૧૦૩ જ્ઞાનસાર સાર્થ
૧૦૫ વીતરાગસ્તોત્ર સાર્થ
૧૦૬ બુદ્ધિસાગરસૂરિ જીવન ઝરમર
૧૦૯ ચંદરાજાનું ચરિત્ર
૧૧૦ સજ્ઝાયમાળા
૧૧૧ ચૈત્યવંદન સ્તવન સ્તુતિ ને સજ્ઝાય સંગ્રહ
૧૧૨ મેઘમાળા આદિ સંગ્રહ
૧૧૩ જૈન કથાઓ ભા. ૨૫
૧૧૪ દશવૈકાલિક સૂત્રાર્થ
૧૧૫ સ્વાધ્યાય સંગ્રહ
૧૧૬ ભક્તામર કલ્યાણમંદિર સાર્થ


卐

# અભિપ્રાય

વર્તમાન યુગમાં વ્યાવહારિક જ્ઞાન હોવા છતાં હુંશાતુશીએ વધુ ને વધુ જોર પકડયું છે. ઘરેઘરમાં ઈર્ષ્યાની જ્વાલા ભભૂકી છે. તેનું કારણ એક જ છે કે જ્ઞાન હોવા છતાં ધાર્મિક જ્ઞાનનો અભાવ છે સમ્યગ્જ્ઞાન લોકોને સુલભ બને તે માટે લોકો સુધી સાહિત્ય પહોંચે તેની ખાસ જરૂર છે.

સસ્તુ સાહિત્ય પ્રકાશન જે રીતે સારાં સારાં પુસ્તકો ઓછી કિંમતે વેચે છે અને તે દ્વારા સદ્‌વિચારોનો ફેલાવો કરે તેમ પ. પૂ. તપસ્વી મુ. શ્રી અકલંકવિજયજીમહારાજસાહેબ અકલંક ગ્રંથમાળા દ્વારા સમ્યગ્ જ્ઞાનનો પ્રચાર કરી રહેલ છે.

આ ગ્રંથમાળાના સાહિત્ય પ્રકાશનમાં લગભગ દરેક વિષયોને આવરી લેવામાં આવ્યા છે. તેથી દરેક વિષયને વાચક જ્ઞાનપીપાસા સંતોષી શકે છે કે તે ગ્રંથમાળાની એક વિશેષતા છે.

સાહિત્ય તો ઘણું પ્રકાશિત થતું રહે છે પણ તે આર્થિક દૃષ્ટિએ મજબૂત હોવાથી લોકો તેને ખરીદવા અસમર્થ હોયછે તેથી તેનો ફેલાવો જોઈએ તેટલો થઈ શકતો નથી. જ્યારે આ ગ્રંથમાળાનાં પુસ્તકોના પઠનપાઠનની કિંમતથી જ તેનો પ્રચારમુનિશ્રી કરે છે.

આ ગ્રંથમાળાનો બહોળો પ્રચાર અને ફેલાવો થાય અને સર્વજનો તેનો લાભ તનમનધનથી લઈ શુભ પ્રવૃત્તિમાં સહયોગી બને એવી એ...ની એક મનોકામના.

આજ[illegible]વો[illegible]થમાળા દ્વારા સ[illegible] ગ્રંથો ઉપરાંત બીજા અનેક ગ્રં[illegible]સ્તકો[illegible]થમાળાના સાહિત્ય [illegible]વાદ.

આવરી લેવામાં આવ્યા

શ્રી કૈલાસર[illegible] અને [illegible]સા સંતોષી શકે છે કે તે

૨૮૦/૭, જ[illegible]

મુંબઈ-૪૦૦૦૬૨. [illegible] ઘણું પ્રકાશિત થ[illegible]

મુનિશ્રી સંયમસાગર